dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 353 | AD - 2024, Bhadarva Vad -10 | Friday, Dt.27-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


# સેન્સેક્સ ૮૫,૯૩૦ અને નિફ્ટી ૨૬,૨૫૦ પોઈન્ટની રેકોર્ડ સપાટીએ પહોંચ્યા

## ભારતીય શેરબજાર દરરોજ નવા રેકોર્ડ બનાવી રહ્યું છે

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૬

આ દિવસોમાં ભારતીય શેરબજારમાં દરરોજ એક નવો રેકોર્ડ બની રહ્યો છે. ગુરુવારે પણ શેરબજારે નવો રેકોર્ડ બનાવ્યો હતો. બીએસઈ સેન્સેક્સ ૮૬,૦૦૦ની નજીક અને નિફ્ટી ૨૬,૩૦૦ પોઈન્ટની નજીક પહોંચી ગયો. સપ્તાહના ચોથા દિવસે, બીએસઈ સેન્સેક્સ ૮૫,૯૩૦.૪૩ પોઈન્ટની તેના જીવનકાળની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો અને નિફ્ટી ૫૦ તેના જીવનકાળની ટોચે ૨૬,૨૫૦.૯૦ પોઈન્ટ્સ પર પહોંચ્યો હતો. જોકે અંતે બીએસઈ સેન્સેક્સ ૬૬૬.૨૫ પોઈન્ટના વધારા સાથે ૮૫,૮૩૬.૧૨ પોઈન્ટ અને નિફ્ટી ૫૦ ૨૧૧.૯૦ પોઈન્ટના વધારા સાથે ૨૬,૨૧૬.૦૫ પોઈન્ટની નવી વિક્રમી સપાટીએ બંધ રહ્યો હતો. તમને જણાવી દઈએ કે માત્ર બે દિવસ પહેલા એટલે કે ૨૪ સપ્ટેમ્બરે સેન્સેક્સ ૮૫,૦૦૦ના આંકને પાર કરી ગયો હતો અને આજે તે ૮૬,૦૦૦ના ઐતિહાસિક



આંકડાની ખૂબ નજીક આવી ગયો છે. સેન્સેક્સની જેમ નિફ્ટી ૫૦ પણ ૨૪ સપ્ટેમ્બરે ૨૬,૦૦૦ને પાર કરી ગયો હતો અને આજે તે પણ ૨૬,૩૦૦ની નજીક પહોંચી ગયો હતો. આજે સેન્સેક્સની ૩૦માંથી ૨૬ કંપનીઓના શેરમાં ઉછાળો અને ૪ કંપનીઓના શેરમાં ઘટાડો નોંધાયો હતો. એ જ રીતે નિફ્ટી ૫૦માં, ૫૦માંથી ૪૧ કંપનીઓના શેર લીલા નિશાનમાં અને ૯ કંપનીઓના શેર લાલ નિશાનમાં બંધ થયા હતા. સેન્સેક્સ કંપનીઓમાં મારુતિ સુઝુકીના શેરમાં આજે સૌથી વધુ ૪.૫૫ ટકાનો વધારો નોંધાયો હતો. આ ઉપરાંત ટાટા મોટર્સના શેર ૨.૮૫ ટકા, બજાજ ફિનસર્વના શેર ૨.૫૮ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેર ૨.૫૩ ટકા, ટાટા સ્ટીલના શેર ૨.૨૯ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલના શેર ૨.૧૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટના શેર ૨.૦૦ ટકાના વધારા સાથે બંધ થયા હતા. જ્યારે બજાજ ફાઈનાન્સ, સન ફાર્મા, નેસ્લે ઈન્ડિયા, હિન્દુસ્તાન યુનિલિવર, અદાણી પોર્ટ્સ, એશિયન પેઈન્ટ્સ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં પણ ૧ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો.

સેન્સેક્સ માટે લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં ૦.૯૪ ટકાનો સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. આ સિવાય એનટીપીસીનો શેર ૦.૬૬ ટકાના ઘટાડા સાથે, ઈન્ફોસિસનો શેર ૦.૨૧ ટકા અને એચડીએફસી બેન્કનો શેર ૦.૦૧ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો.

# ભારે વરસાદથી મુંબઈ પાણી-પાણી, શાળા,કોલેજોમાં રજા

મુંબઈ, તા.૨૬

આઈએમડીએ મહારાષ્ટ્રના પાલઘર અને નાસિક જિલ્લામાં ભારે વરસાદ માટે 'રેડ એલર્ટ' અને આગામી પાંચ દિવસની તેની એકંદર આગાહી માટે આજે મુંબઈ માટે 'ઓરેન્જ એલર્ટ' પણ જારી કર્યું છે. મુંબઈમાં બુધવારે સાંજથી શરૂ થયેલા અચાનક ભારે વરસાદને કારણે લોકોની મુશ્કેલી વધી ગઈ હતી. જેના કારણે અનેક જગ્યાએ પાણી ભરાયા હતા અને ટ્રાફિક જામ થયો હતો. સાંજે શરૂ થયેલા વરસાદને કારણે ઓફિસેથી ઘરે પરત ફરતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગે મુંબઈ, થાણે, રાયગઢ અને રત્નાગીરી જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. ગુરુવારે મુંબઈની તમામ શાળાઓ અને કોલેજો બંધ રાખવામાં આવી હતી.



બુધવારે મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં મુશળધાર વરસાદ પડ્યો હતો, જેના કારણે લોકલ ટ્રેન અને ફ્લાઈટ સેવાઓમાં વિલંબ અને ગંભીર પાણી ભરાવા સહિત વ્યાપક વિક્ષેપો સર્જાયા હતા, જેના કારણે ઘણા વિસ્તારોમાં ટ્રાફિક જામ થયો હતો. IMDની ભારે વરસાદની આગાહીના પગલે મુંબઈ, પુણે, થાણે અને પાલઘરમાં અધિકારીઓએ ગુરુવારે શાળાઓ અને કોલેજો બંધ રાખવાની જાહેરાત કરી હતી.






# ૯૦૦ કુકી આતંકવાદીઓ મ્યાનમારથી ઘુસ્યા હોવાના દાવા બાબતે મણિપુર સરકારનો યુ-ટર્ન

ઈમ્ફાલ,તા.૨૬

મણિપુર સરકારે થોડા દિવસો પહેલા કરેલા તેના દાવાને પાછો ખેંચી લીધો છે કે ૯૦૦ કુકી આતંકવાદીઓ ૨૮ સપ્ટેમ્બરની આસપાસ ઈમ્ફાલ ઘાટીના દૂરના ગામડાઓ પર હુમલો કરી શકે છે. રાજ્ય સરકારે કહ્યું કે સશસ્ત્ર જૂથો દ્વારા કોઈ આયોજિત દુઃસાહસની કોઈ દૂરની શક્યતા નથી અને આ આશંકા પાયાવિહોણી છે. સુરક્ષા સલાહકાર કુલદીપ સિંહ અને પોલીસ મહાનિર્દેશક રાજીવ સિંહ દ્વારા બુધવારે જારી કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે ૨૮ સપ્ટેમ્બરે મેઈતેઈ સમુદાયના લોકો પર હુમલો કરવા માટે મ્યાનમારથી ૯૦૦ પ્રશિક્ષિત કુકી આતંકવાદીઓની ઘૂસણખોરીની માહિતીના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. વિવિધ સમુદાયો દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રતિભાવો પછી, વિવિધ સ્ત્રોતોમાંથી આ માહિતીની ચકાસણી કરવામાં આવી છે, પરંતુ અમને ગ્રાઉન્ડ લેવલ પર આવું કંઈ મળ્યું નથી. હાલમાં આવી કોઈપણ માહિતી પર વિશ્વાસ કરવાનો કોઈ આધાર નથી.

# આપણે કોઈને નકાર્યા નથી, બધાને સ્વીકાર્યા છે : મોહન ભાગવત

(એ.આર.એલ),નાગપુર,તા.૨૬

મહારાષ્ટ્રના નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એટલે કે આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું કે તમામ પ્રયોગો છેલ્લા ૨૦૦૦ વર્ષથી કરવામાં આવી રહ્યા છે. જીવનમાં સુખ-શાંતિ લાવવા માટે તમામ પ્રયોગો નિષ્ફળ જાય છે. ભૌતિક વિકાસ ચરમસીમાએ પહોંચી રહ્યો છે, પરંતુ ભૌતિક વિકાસના પગથિયાં માનવતાને વિનાશ તરફ લઈ જઈ રહ્યા છે. આનો જવાબ આપણી પરંપરામાં રહેલો છે, આપણે કોઈને નકાર્યા નથી, આપણે બધાને સ્વીકાર્યા છે, જેમ આપણી પરંપરા છે તેમ આસ્તિક ફિલસૂફી પણ છે.













# સાવરકુંડલાના વોર્ડ નં. ૩માં નગરપાલિકા દ્વારા વિકાસના કામોનો પ્રારંભ

સાવરકુંડલા, તા.૨૬



સાવરકુંડલા-લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની દેખરેખ હેઠળ શહેરને સુંદર અને રળિયામણું બનાવવા અંતર્ગત વોર્ડ નં.૩ માં નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને પ્રતીકભાઈ નાકરાણીની સૂચના અનુસાર જેસર રોડ, મઢુલી બાપા સીતારામ પાછળ ચંદુભાઈ લુહારના ઘર સુધી નગરપાલિકા દ્વારા સીસી રોડનું કામ શ્રીફળ વધેરીને પ્રારંભ કરવામાં આવ્યું હતું. સદસ્ય કમલેશભાઈ રાનેરા, પિયુષભાઈ, રસીલાબેન, હંસાબેન રાનેરા, હરેશભાઈ, ચંદુભાઈ લુહાર સહિતના સ્થાનિક લોકોએ વિકાસના કામો અંગે હર્ષની લાગણી અનુભવી હતી.

# વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે પડતી હાલાકી અંગે 'આપ' દ્વારા આવેદન


અમરેલી, તા.૨૬



રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવા માટે રેશનકાર્ડ સાથે લીંક કરવાનો આદેશ આપવામાં આવતા વિદ્યાર્થીઓની સાથે વાલીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી અમરેલી આમ આદમી પાર્ટી દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે, ઈ-કેવાયસી કરતી વખતે ૯૦ ટકા વિદ્યાર્થીઓનાં આધારકાર્ડ અને રેશનકાર્ડ લીંક નથી. જેના કારણે મોટાભાગનાં વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત રહી જશે. વિદ્યાર્થીઓનાં હિત માટે રાજય સરકાર ડિજિટલ ટ્રાન્ઝેકશનથી વિદ્યાર્થીઓનાં ખાતામાં શિષ્યવૃત્તિ જમા કરાવે તો વિદ્યાર્થીઓને ન્યાય મળશે. આ બાબતે રાજય સરકાર યોગ્ય નિર્ણય લે તેવી માંગ કરવામાં આવી છે.

# અમરેલીમાં શનિવારે પૂ. શ્રીશ્રી રવિશંકર મહારાજનાં વધામણા નિમિત્તે સત્સંગનું આયોજન

અમરેલી, તા.૨૬



અમરેલીમાં આગામી તા. ૨૮ને શનિવારનાં રોજ પૂ.શ્રીશ્રી રવિશંકર મહારાજના આગમનનાં દિવસે રાત્રીનાં ૯:૩૦ કલાકે દિવ્ય સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવ્ય સત્સંગ ખેડૂત તાલીમ કેન્દ્ર-લીલીયા રોડ, અમરેલી ખાતે યોજાશે. દિવ્ય સત્સંગમાં લોકગાયક વિમલ મહેતા અને પ્રયાગ મહેતા સૂર રેલાવશે. આ દિવ્ય સત્સંગનો લાભ લેવા આર્ટ ઓફ લિવીંગ પરિવાર દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તેમ ઉમેશ દુધાત અને નિલેશ મોવલીયાની યાદીમાં જણાવાયું છે.

# અમરેલી જેસીંગપરા પટેલવાડી ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૨૬



અમરેલી નગરપાલિકા દ્વારા શહેરના જેસીંગપરા વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં લાભાર્થીઓને રાજ્ય સરકારની વિવિધ પ્રકારની ૫૨ સેવાઓ એક છત નીચે આપવામાં આવી હતી. અમરેલી શહેરના વોર્ડ નં.૬, ૮, ૯, ૧૦ અને ૧૧માં રહેતા લાભાર્થીઓને આધાર નોંધણી, આધાર કાર્ડમાં સુધારા, રેશનકાર્ડમાં નામ દાખલ કે સુધારો, કમી, ઈ-કેવાયસી, કુંવરબાઈનું મામેરું, ફીશીપ કાર્ડ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, નમોશ્રી યોજના, ઉંમરનો દાખલો, જન્મ અને મરણના પ્રમાણપત્રો, આધાર કાર્ડ સાથે બેંક ખાતાનું જોડાણ, જનધન યોજના અન્વયે બેંક ખાતુ ખોલવાની કામગીરી વગેરે જેવી રાજ્ય સરકારની અનેકવિધ સુવિધાઓનો લાભ એક છત નીચે આપવામાં આવ્યો હતો.

# ધરાઈ ગામે બાલમુકુંદ હવેલીમાં રવિવારે માળા પહેરામણી તથા મહાદાન મનોરથ યોજાશે

**ભક્તોને મહાપ્રસાદ લેવા મુખ્યાજીએ આમંત્રણ પાઠવ્યું**

બાબરા, તા.૨૬

અમરેલી જિલ્લાના બાબરાના ધરાઈ ગામે બિરાજમાન શ્રી બાલમુકુન્દ પ્રભુની હવેલી ખાતે આગામી રવિવાર તા. ૨૯/૦૯/૨૪ના રોજ ભવ્ય માળા પહેરામણી તથા મહાદાન મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. ધરાઈ ગામમાં આશરે ૩૫૦ વર્ષથી બિરાજમાન પ્રસિદ્ધ શ્રી બાલમુકુન્દ પ્રભુની હવેલીમાં ઠાકોરજીના આ રૂડા મનોરથ તથા દર્શનનો લ્હાવો લેવા શ્રી બાલમુકુન્દ પ્રભુ હવેલી ટ્રસ્ટ, મુખ્યાજી પરિવાર, કુલદીપભાઈ મુખ્યાજી અને ધ્રુમિલભાઈ મુખ્યાજી વતી સૌ વૈષ્ણવ ભક્તોને મહાપ્રસાદ લેવા માટે હાર્દિક નિમંત્રણ છે.

# રાજુલાની કુમાર શાળા-૧માં સીઆરસી કક્ષાનો કલા ઉત્સવ-૨૦૨૪ યોજાયો

રાજુલા, તા.૨૬



જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન- અમરેલી માર્ગદર્શિત ગરવી ગુજરાત થીમ આધારિત કલા ઉત્સવ ૨૦૨૪નું આયોજન રાજુલાની કુમાર શાળા -૧માં કરવામાં આવેલ. આ કલા ઉત્સવમાં ક્લસ્ટરમાં સમાવિષ્ટ ધોરણ ૬થી ૮ની કુલ ૧૧ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં ચિત્ર સ્પર્ધા, બાળ કવિ સ્પર્ધા, સંગીત વાદન અને ગાયન જેવી કલાની સ્પર્ધામાં ૪૦ જેટલી કૃતિઓ જુદા જુદા વિભાગમાં રજૂ કરવામાં આવેલ હતી. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરને રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર આપવામાં આવેલ હતા.

# વડીયા સિંચાઈ યોજનાનાં બે દરવાજા ખોલાયા, નદી, કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા સૂચના

અમરેલી, તા.૨૬

વડીયા સિંચાઈ યોજનાના બે દરવાજા ૦.૦૫ મી. ખુલ્લા હતા તે આજે તા.૨૬ ને ગુરૂવારનાં રોજ સાંજે ૪ વાગ્યે જળાશયમાં પાણીની આવકમાં વધારો થતાં જળાશયનું રૂલ લેવલ-નિર્ધારીત સપાટી જાળવવા માટે આ જળાશયનાં દરવાજાનું ઓપનિંગ ઘટાડી એક દરવાજો ૦.૦૫ મી. કરવામાં આવ્યું છે. તેનો પ્રતિ સેકન્ડ પ્રવાહ ૧૦૬ કયુસેક છે. આથી, અમરેલી જિલ્લાનાં વડીયા તાલુકાનાં વડીયા, રાજકોટ જિલ્લાનાં જેતપુર તાલુકાનાં ચારણીયા, ચારણ સમઢીયાળા, થાણા, ગાલોળ સહિતનાં ગ્રામ્ય વિસ્તારને અસર થઈ શકે છે. આ નદી કે કાંઠાનાં વિસ્તાર તેમજ આજુબાજુનાં વિસ્તારોમાં અવરજવર ન કરવા અને સાવચેત રહેવા અનુરોધ છે.

# લીલીયાના પીએસઆઈની બદલી થતાં ભવ્ય વિદાયમાન અપાયું

લીલીયા, તા.૨૬



લીલીયાનાં પીએસઆઈ એસ.આર.ગોહીલની અમરેલી એલ.સી.બી.માં બદલી થતાં પીએસઆઈનો વિદાય સમારંભ યોજાયો હતો. પીએસઆઈને પોલીસ પરિવાર દ્વારા પુષ્પવર્ષા કરી મોમેન્ટો આપી વિદાઈ આપવામાં આવી હતી. આ તકે સરપંચ જીવનભાઈ વોરા સહિતનાં આગેવાનો હાજર રહ્યાં હતાં. પીએસઆઈએ પોતાના કાર્યકાળ દરમિયાન અનેક ગુનાઓ ઉકેલ્યા હતા.

# સાવરકુંડલામાં ઉતાવળા હનુમાન મંદિરમાં સર્વરોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પ યોજાયો

સાવરકુંડલા, તા.૨૬



સાવરકુંડલામાં ઉતાવળા હનુમાન મંદિર ખાતે બુધવારના રોજ ડો. હેડગેવાર સેવા સમિતિ દ્વારા સર્વરોગ આયુર્વેદ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. નિયામક શ્રી-આયુષની કચેરી, ગુજરાત રાજ્ય તથા જિલ્લા આયુર્વેદ અધિકારી અમરેલીના માર્ગદર્શન અંતર્ગત સ. આ. દ. પીઠવડી તા. સાવરકુંડલા દ્વારા આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સારવાર સાથે લોકોને દિનચર્યા તથા ઋતુચર્યાનું પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત શંશમની વટી, ઋતુજન્ય રોગચાળા પ્રતિરોધક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો. આ નિદાન કેમ્પમાં વૈદ્ય કે.બી. ગોંડલીયા તથા વૈદ્ય દેવેન્દ્ર ચૌહાણે સેવા આપી હતી.

# સાવરકુંડલાની કપોળ કન્યા છાત્રાલયના બહેનોની જિલ્લા કક્ષાના યુવક મહોત્સવમાં સિદ્ધિ

સાવરકુંડલા, તા.૨૬



અમરેલી જિલ્લા યુવક મહોત્સવમાં સાવરકુંડલા કપોળ કન્યા છાત્રાલયના બહેનોએ અદભૂત પ્રદર્શન કર્યું હતું. એકાંકી/નાટક- પ્રથમ ક્રમાંક જેમાં ભાવિકા વરિયા, સેજલ મોભ, નાની બોદર, પ્રિયંકા રાઠોડ, જ્યોતિ શિયાળ, કૃપા વરિયા, રેવતા તરસરિયા, દિપાલી દુબાણીયા, પ્રાર્થના દુબાણી, હેપી તરસરિયા, લોકનૃત્યમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો, જેમાં દિવ્યા ચુડાસમા, જીનલ અક્ષિતા ગોસ્વામીએ ભાગ લીધો હતો. લગ્નગીત સ્પર્ધામાં નયના ધુંધળવાએ તૃતીય સ્થાન મેળવ્યું હતું. તપાનીયા, જાનવી ગોસ્વામી, વિકમા અન્દ્રૂપા, વરિયા માનસી, ત્રિવેણી ચૌહાણ, નેહા ચૌહાણ, વનિતા ચૌહાણ, દેવું ભમ્મર, ધારા લધવા, પાયલ ધુંધળવા, આરતી ધુંધળવા, નિધિ ધાસકટા, ગુંજન ચૌહાણનો સમાવેશ થાય છે. નિબંધ સ્પર્ધામાં બોદર નથુએ તૃતીય સ્થાન મેળવ્યું હતું.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦



મુકેશ સંઘાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંઘાણી
98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ ક્લીનીંગ • ઈન્સ્યુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવત્તાયુક્ત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૪૭૯૯

# બગસરા સ્વામિનારાયણ મંદિરમાં વિવાદ: શ્રાદ્ધ પર્વનો કાર્યક્રમ રદ

બગસરા, તા.૨૬

બગસરા સ્વામિનારાયણ મંદિરમાં યોજાનાર શ્રાદ્ધ પર્વના કાર્યક્રમ અંગે વિવાદ સર્જાતા સમગ્ર આયોજન રદ કરવામાં આવ્યું છે. મંદિર ટ્રસ્ટે જાહેર નોટિસ દ્વારા ગુરુ લક્ષ્મીપ્રસાદ દાસજીના કાર્યક્રમ સિવાય અન્ય કોઈ સંત દ્વારા સભા ન યોજવાનો આદેશ આપ્યો હતો. આ નિર્ણયથી વિવેક સ્વરૂપદાસજી સ્વામીના સમર્થકોમાં નારાજગી ફેલાઈ હતી. મંદિર પરિસરમાં તણાવ વધતાં, ટ્રસ્ટી મંડળે તજજ્ઞોની સલાહ અનુસાર કાર્યક્રમ રદ કરવાનો નિર્ણય લીધો. આ પહેલાં કાર્ડનું વિતરણ થઈ ચૂક્યું હોવાથી હરિભક્તોમાં નારાજગી જોવા મળી હતી. અગાઉ પણ મંદિરમાં વિવાદ



સર્જાયો હોવાથી ૧૫ દિવસ માટે સાંજની આરતી દરમિયાન પોલીસ રક્ષણ માંગવામાં આવ્યું હતું. આજના કાર્યક્રમ માટે પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. મંદિર પરિસરમાં મહિલા સ્વામિનારાયણ મંદિર પણ આવેલું હોવાથી, ભવિષ્યમાં વધુ ઘર્ષણની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સમગ્ર ઘટનાક્રમથી સ્થાનિક હરિભક્તોમાં ચિંતા અને અસંતોષ જોવા મળી રહ્યો છે.

# જાફરાબાદના મીતીયાળા પ્રા. શાળાના શિક્ષકની બદલી થતા ગામ હિબકે ચડ્યું

અમરેલી,તા.૨૬

જાફરાબાદ તાલુકાના મીતીયાળા પ્રા.શાળાના શિક્ષક તરીકે ફરજ બજાવતા રાઘવ કટકીયા ઉર્ફે રઘુ રમકડુ તરીકે જાણીતા શિક્ષકની બદલી થતા આખુ ગામ હિબકે ચડયુ હતું. રઘુ રમકડાના નામથી જાણીતા શિક્ષક આઠ વર્ષ પહેલા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે જોડાયા હતા. શિક્ષક તરીકે જોડાયા બાદ રાઘવ કટકીયાએ વિદ્યાર્થીમાં તો ઠીક તેમના વાલીઓને પણ વ્યસનમુક્ત કરીને આદર્શ શિક્ષક તરીકેનું ઉદાહરણ પુરૂ પાડયુ હતું. શાળામાં રાષ્ટ્રીય તહેવારની સાથે વિવિધ કાર્યક્રમો પણ કરવામાં આવતા હતા. ગ્રામજનોમાં પણ રાઘવ કટકીયાની લોકપ્રિયતા હતી. રાજય સરકાર દ્વારા પણ શિક્ષકને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ૮ વર્ષમાં રાઘવ કટકીયાની બદલી થતા જ વિદ્યાર્થીઓની સાથે ગ્રામજનો પણ રડી પડ્યા હતા. શિક્ષકની બદલી થવાથી ગ્રામજનોને મોટી ખોટ પડશે તેવો અફસોસ વ્યકત કરવામાં આવી રહ્યો છે.



# ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલનું જિલ્લા કક્ષાના યુવા મહોત્સવમાં શાનદાર પ્રદર્શન

રાજુલા,તા. ૨૬

અમરેલીની દીપક હાઈસ્કૂલમાં ૨૨ સપ્ટેમ્બરે યોજાયેલા જિલ્લા કક્ષાના યુવા ઉત્સવમાં શ્રીમતી ટી.જે.બી.એસ ગર્લ્સ હાઈસ્કૂલની બહેનોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. જેમાં નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે દુધરેજીયા ધ્રુવીશા, ઓડિસી નૃત્યમાં મેઘનાથી દિશાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે ભરતનાટ્યમ નૃત્યમાં મેઘનાથી દિશાએ દ્વિતીય તેમ જ વકતૃત્વ સ્પર્ધામાં ચૌહાણ હેતલને તૃતીય સ્થાન મળ્યું હતું. વિદ્યાર્થિની બહેનોની જવલંત સફળતા માટે સમગ્ર શાળા પરિવારે ખૂબ જ મહેનત સાથે તૈયારી કરાવી હતી. આચાર્યા સીમાબેન પંડ્યા તથા સમગ્ર શાળા પરિવારે વિદ્યાર્થિની બહેનોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલી જિલ્લામાં રક્તદાન કરી વિશ્વ ફાર્માસિસ્ટ દિવસની અનોખી ઉજવણી

અમરેલી, તા.૨૬

વિશ્વ ફાર્માસિસ્ટ દિવસ નિમિત્તે અમરેલી જિલ્લા પંચાયતના ફાર્માસિસ્ટ એસોસિએશન દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલીની રેડક્રોસ સોસાયટી ખાતે યોજાયેલા આ કેમ્પમાં ફાર્માસિસ્ટ કર્મયોગીઓએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું.




કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. જોશી, જિલ્લા આરસીએચઓ ડૉ. સાલવી અને જિલ્લા ક્વોલિટી મેડિકલ ઓફિસર ડૉ. ઝાટે ફાર્માસિસ્ટોને શુભેચ્છા પાઠવી હતી. જિલ્લા સર્વેલન્સ ઓફિસર ડૉ. સિંઘની ઉપસ્થિતિમાં કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, ફાર્માસિસ્ટો દરેક દર્દીને ઉચ્ચ ગુણવત્તાવાળી દવાઓ રિયલ ટાઈમ, રિયલ પર્સન અને રિયલ મેડિસિન મળી રહે તે માટે સંકલ્પબદ્ધ થયા હતા. કાર્યક્રમમાં જીએમએસસીએલ વેરહાઉસ અમરેલીના મેનેજર મનીષભાઈ કુબાવત અને સ્ટાફ, અર્બન હેલ્થ સેન્ટર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફાર્માસિસ્ટો તેમજ ગુજરાત સ્ટેટ ફાર્માસિસ્ટ એસોસિએશનના પ્રતિનિધિ અમિતભાઈ ટાંક ઉપસ્થિત રહ્યા હતા. અમરેલી પંચાયત ફાર્માસિસ્ટ એસોસિએશનના પ્રમુખ મનીષભાઈ ડોડિયા, ઉપપ્રમુખ પ્રતિક સેજપાલ અને મંત્રી જતીન લશ્કરી તથા કારોબારી સભ્યોએ કેમ્પને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.






ગોળાઈમાં જ ખાડો હોવાથી વાહનો ખાબકે તેવી સંભાવના

# બગસરા બાયપાસ પાસે દિવાલ ધરાશાયી થતા વાહનચાલકોને અકસ્માતનો ભય

## હાઈ-વે બેસી જતા વાહનો ઊલળતા હોવા છતા નેશનલ હાઈ-વેના અધિકારીઓ મોતનો તમાશો જોઈ રહ્યા છે

બગસરા, તા.૨૬

બગસરા બાયપાસ પાસે પ્રોટેકશન દિવાલ તૂટી જતા વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે તેમજ હાઈ-વે બેસી ગયો હોવાથી વાહનો ઉલળતા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવતી ન હોવાથી રોષ ફેલાયો



છે. બગસરાથી અમરેલી માર્ગ પર કળશ સર્કલ પાસે છેલ્લાં કેટલાય દિવસથી પુલ પરની પ્રોટેકશન દિવાલ તૂટી ગઈ હોવાથી વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.

છેલ્લા ઘણા સમયથી બાયપાસ પાસે ગોળાઈમાં બનાવેલી દિવાલ તૂટી ગઈ હોય જેથી વાહન ખાડામાં ખાબકે તેવી સંભાવના છે. આ બાબતે જવાબદાર તંત્રને અનેકવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં કોઈ ધ્યાન આપવામાં આવતુ નથી. સાથોસાથ હાઈ વેની નીચેથી મહી પરિયોજનાની પાઈપલાઈન પસાર કરવામાં આવી હોવાથી આ હાઈ-વે બેસી ગયો છે જેથી વાહનો ઉલળી રહ્યાં છે. આ બાબતે રાજયના નેશનલ હાઈ-વેના અધિકારીઓને ફોન કરવા છતાં તેઓ મિટિંગમાંથી નવરા થતા નથી જેના કારણે વાહનચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. આમ, કોઈ ગંભીર અકસ્માત થાય તે પહેલા ફરી પ્રોટેકશન દિવાલ બનાવવામાં આવે અને હાઈ-વેનું લેવલીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. અત્રે નોંધનીય છે કે થોડા દિવસ પહેલા ખરાબ રસ્તાને કારણે કાર ચાલકે કાબુ ગુમાવતા કાર પલટી મારી ગઈ હતી.









## અવસાન નોંધ

**ભાવનગર**

ભુવનેશ્વરીબેન રમેશચંદ્ર ઓઝા (ઉ.વ.૯૨)નું તા. ૨૪/૯ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ. રમેશચંદ્ર ઓઝાના પત્ની, સ્વ. મહેશચંદ્ર ઓઝાના ભાભી, સ્વ. રમણકાંત મહેતા, સ્વ. પદમકાંત મહેતા, સ્વ. પ્રવિણકાંત મહેતાના બેન, ઉત્પલ ઓઝા, ઉત્કર્ષ ઓઝા, આશુતોષ ઓઝા, મેહુલ ઓઝાના કાકી, જગવિહાર, પાર્થિવ, મૈત્રેયીના ફ્ઈ થાય. તેમની પ્રાર્થનાસભા તા.૨૬/૯ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬ કલાકે ભગવાનેશ્વર મહાદેવ, એરપોર્ટ રોડ, સુભાષનગર રાખેલ છે.







**એલસીબીએ બંને આરોપીઓને ધારી પોલીસ સ્ટેશનને સોંપ્યા**

# ધારીના કુબડા ગામે ખેડૂત પાસે ખંડણી માંગનાર બે આરોપીઓ ઝબ્બે

અમરેલી,તા.૨૬




ધારીના કુબડા ગામમાં રહેતા દલસુખભાઈ પોપટભાઈ કોટડીયાના રહેણાંક મકાનમાં તારીખ ૧૪ના રોજ ગેરકાયદેસર બે વ્યક્તિએ પ્રવેશ કરી દલસુખભાઈને ગાળો આપી 'તારો હવાલો મળ્યો છે' તેમ કહી આરોપી શૈલેષ નાથુભાઈ ચાંદુ, મહેશ ઉર્ફે ભગો નાથાભાઈ જીકાદ્રા રહે. દોલતીવાળાએ જાનથી મારી નાખવાની ધમકી આપી હવાલાના રૂ.૧૦,૦૦,૦૦૦ બે દિવસમાં તથા રૂ.૫,૦૦,૦૦,૦૦૦ એક મહિનામાં ચૂકવી આપવાનું કહી બળજબરીથી રૂ.૧,૫૦,૦૦૦ કાઢી લઈ ગુનો કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે દલસુખભાઈએ ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ખળભળાટ મચી ગયો હતો. ઘટનાની ગંભીરતા જોઈ અમરેલી SP હિમકર સિંહએ આરોપીઓને ઝડપી પાડવા માટે લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને કડક સૂચના આપતા અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે શોધખોળ હાથ ધરી બંને આરોપીને દબોચી લીધા હતા અને હાલમાં ધારી પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યા છે, ધારી પોલીસ દ્વારા બંને આરોપીઓની પૂછપરછ શરૂ કરવામાં આવી છે. આ ખંડણી માંગવા પાછળનું કારણ, કોણે હવાલો આપ્યો હતો તે તપાસ કરવામાં આવશે.

**આરોપી શૈલેષ ચાંદુનો ગુનાહિત ઈતિહાસ**

આરોપી શૈલેષ ચાંદુનો ખૂબ મોટો ગુનાહિત ઇતિહાસ પોલીસ ચોપડે નોંધાયેલો છે, અલગ અલગ પોલીસ સ્ટેશનમાં મારામારી સહિત અલગ અલગ ગુનાઓ નોંધાયેલા છે. ૯ કરતા વધુ સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનાઓ નોંધાયેલા છે, રાજુલા, સુરત શહેરના કાપોદ્રા, પાટણ અને હારીજ પોલીસ સ્ટેશન, અમરેલી સિટી, ચોટીલા પોલીસ સ્ટેશન સહિત ૨૩ જેટલા અત્યાર સુધીમાં તેના વિરુદ્ધ ગુનાઓ પોલીસ ચોપડે નોંધાઇ ચુક્યા છે.

# રાજુલાની મહેતા કન્યા છાત્રાલયની બહેનોની યુવા મહોત્સવમાં અનેરી સિદ્ધિ

રાજુલા,તા.૨૬



રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત શહેરની શ્રીમતી વિમળાબેન હરકિશનદાસ મહેતા કન્યા છાત્રાલયની પ્રથમ વર્ષ બી.કોમની વિદ્યાર્થિની શ્રુતિબેન એ. ઝાંઝમેરાએ જિલ્લા કક્ષાનાં યુવા મહોત્સવમાં એક પાત્રીય અભિનય સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. આ સાથે ચૌહાણ હેતલબેનએ. વક્તૃત્વ સ્પર્ધામાં તૃતીય ક્રમાંક તથા વાઘેલા મિત્તલબેન જે. શિક્ષક દિવસની સ્પર્ધામાં પ્રથમ તથા ચોટલિયા માનસીબેન એન. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ તથા પરમાર નિશાબેન કે. સાડી સ્પર્ધામાં પ્રથમ તથા પરમાર રિધ્ધિબેન આર. મહેંદી સ્પર્ધામાં પ્રથમ તથા શિયાળ કાશ્મીરાબેન આર. લોકગીત સ્પર્ધામાં પ્રથમ તથા શિયાળ કિંજલબેન બી. નિબંધ લેખન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. તમામ વિજેતા બહેનોને પુરસ્કૃત કરાયેલ હતા. તમામ સ્પર્ધા માટે ડો.રીટાબેન રાવલ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

# બગસરામાં આયુષ્યમાન ભારત અંતર્ગત આરોગ્ય મેળો યોજાયો

બગસરા,તા.૨૬



બગસરા ખાતે આયુષ્યમાન ભારત યોજના હેઠળ એક વિશાળ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બગસરા પ્રાથમિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા આયોજિત આ મેળામાં શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોએ સેવાઓ આપી હતી. કુલ ૨૭૦ લાભાર્થીઓએ આ આરોગ્ય શિબિરનો લાભ લીધો હતો, જેમાં તમામ દર્દીઓને મફત નિદાન અને સારવાર પૂરી પાડવામાં આવી હતી.

# સાવરકુંડલા બસ સ્ટેશને એનએસએસ વિદ્યાર્થીઓએ કર્યું 'સ્વચ્છતા' થીમ પર વોલ પેઈન્ટિંગ

સાવરકુંડલા, તા. ૨૬




'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત શ્રી વી.ડી. કાણકિયા કોલેજના એનએસએસ વિભાગ દ્વારા સાવરકુંડલા બસ સ્ટેશન ખાતે વોલ પેઈન્ટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી ચાલનારા પખવાડિયાની ઉજવણીનો એક ભાગ છે. શ્રી વી.ડી. કાણકિયા આર્ટ્સ અને શ્રી એમ. આર. સંઘવી કોમર્સ કોલેજના એનએસએસ વિભાગ અને ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ, સાવરકુંડલાના સંયુક્ત ઉપક્રમે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. 'સ્વચ્છતા' વિષય પર ૧૪ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ ચિત્રો દોર્યા હતા. કાર્યક્રમમાં ડેપો મેનેજર વી.એચ. નથવાણી, સ્ટેન્ડ ઈન્ચાર્જ પુનિત જોષી, જે.એ. ટ્રાફિક હર્ષદ ભટ્ટ, સિક્યુરિટી ઈન્ચાર્જ વિશ્વાસ દવે અને પંકજ મારુ હાજર રહ્યા હતા.

# ખાડો આવતાં બેલેન્સ ગુમાવતાં મોટર સાયકલ પરથી પડતાં મહિલાનું સારવારમાં મોત

**પાણીયા ગામથી અમરેલી તરફ આવતા ઘટના બની હતી**

અમરેલી, તા.૨૬

વિસાવદરના કાલાવડ ગામે રહેતા અને પ્લમ્બિંગ કામ કરતાં અરવિંદભાઈ જીણાભાઈ ગેગડા (ઉ.વ.૪૭)એ જાહેર કર્યા મુજબ, તેઓ અને તેમના પત્ની ગીતાબેન અરવિંદભાઈ ગેગડા (ઉ.વ.૪૭) સ્પ્લેન્ડર લઈ કાલાવાજથી બાબાપુર આવતા હતા તે દરમિયાન પાણીયા ગામથી અમરેલી તરફ આવતાં રસ્તામાં ખાડો આવતાં બેલેન્સ બગડ્યું હતું. જેને લઈ તેમના પત્ની નીચે પડી જતાં શરીરે ઈજા પહોંચી હતી. જેને લઈ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત થયું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી. જોષી વધુ તપાસ કરી રહ્યા છે.

# ફુલઝર ગામે સાસુ-નણંદે કાન ભંભેરણી કરતાં પતિએ પત્નીને મુંઢમાર માર્યો

**પરિણીતાએ સાસરિયા વિરૂધ્ધ વડીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

વડીયા, તા.૨૬

મોટી કુંકાવાવ ગામે રહેતી એક યુવતીના લગ્ન બાબરાના ફુલઝર ગામે રહેતા યુવક સાથે થયા હતા.

લગ્નના થોડા દિવસો સુધી બરાબર રાખ્યા બાદ કનડગત શરૂ કરી હતી. સાસરિયાનો સિતમ સહન નહીં થતાં પિયર પરત ફરીને યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે હાલ મોટી કુંકાવાવ ખાતે રહેતી જિજ્ઞાબેન ભરતભાઈ રાદડીયા (ઉ.વ.૩૦)એ ફુલઝર ગામે રહેતા પતિ ભરતભાઈ વાલજીભાઈ રાદડીયા, સસરા વાલજીભાઈ ભગવાનભાઈ રાદડીયા, સાસુ હંસાબેન વાલજીભાઈ રાદડીયા તથા નણંદ હેતલબેન વાલજીભાઈ રાદડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ તેમને અવારનવાર મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપતા હતા. સાસુ-સસરા, નણંદે તેમના પતિની કાન ભંભેરણી કરતાં મુંઢમાર માર્યો હતો. વડીયા પોલીસ સ્ટેશના હેડ કોન્સ્ટેબલ એચ. કે. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# શ્રી કોટડી પ્રા. શાળાના વિદ્યાર્થીઓએ મરીન ટાસ્ક ફોર્સની લીધી મુલાકાત

રાજુલા,તા.૨૬



તસવીર : ગોપાલ રાઠોડ

શ્રી કોટડી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં મરીન ટાસ્ક ફોર્સની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન નાયબ પોલીસ અધિક્ષક અને મરીન સેક્ટર લીડરની કચેરી ખાતે બાળકોને મરીન કમાન્ડોની કામગીરી વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને સઘન દરિયાઈ સુરક્ષા, વાવાઝોડા અને પૂરની સ્થિતિમાં પીડિત લોકોના રેસ્ક્યુની કાર્યપદ્ધતિ અને અત્યાધુનિક હથિયારોનું નિદર્શન અને તેમની કાર્યપ્રણાલી વિશે માહિતી આપવામાં આવી હતી. કચેરીમાં ફરજ બજાવતા ભાવિનભાઈ ગોહિલ, વિનોદભાઈ એન. ચાંડપા, દિનેશભાઈ ઝણકાટ, કિશોરભાઈ ડોળાસીયા, મુકેશભાઈ સોલંકી તેમજ અન્ય સ્ટાફ દ્વારા વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# સાવરકુંડલામાં બીમારીથી કંટાળી પુરુષે ગળાફાંસો ખાધો

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલામાં રહેતા એક પુરુષે બીમારીથી કંટાળી ગળાફાંસો ખાતા મરણ પામ્યો હતો. બનાવ અંગે ચતુરભાઈ પુનાભાઈ ચૌહાણ (ઉ.વ.૬૦) એ જાહેર કર્યા મુજબ, મૃતક મગનભાઈ પુનાભાઈ ચૌહાણ (ઉ.વ.૬૧)ને છેલ્લા સાત વર્ષથી માનસિક બીમારી હત. જેની દવા શરૂ હતી. પોતાની જિંદગીથી કંટાળી જઈ ગળાફાંસો ખાતા મરણ પામ્યા હતા.

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ હમીરભાઈ એચ. કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: દશમ
તા. ૨૭-૦૯-૨૦૨૪, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૧૨,
સૂર્યાસ્ત-૦૬:૧૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પુષ્ય

## દૈનિક રાશિફળ

તા.૨૭-૦૯-૨૦૨૪ શુક્રવાર

મેષ: આજનો દિવસ તમારા માટે ભાગ્યશાળી છે અને તમને તમારા જીવનસાથી અને વ્યવસાયમાં ભાગીદારોનો સહયોગ મળશે.

વૃષભ: આજનો દિવસ શુભ છે અને કોઈ કામમાં સફળતા મળવાથી તમે ખુશ થશો. હાથમાં મોટી રકમ મેળવવાથી સંતોષ રહેશે.

મિથુન: આજનો દિવસ તમારા માટે થોડો પરેશાનીવાળો હોઈ શકે છે અને કાર્યક્ષેત્રમાં અધિકારીઓ સાથેની દલીલને કારણે આજે તમારો તણાવ વધી શકે છે.

કર્ક: આજે ભાગ્ય તમને ટેકો આપશે અને કોઈ નવી ડીલથી અચાનક નાણાકીય લાભ મળશે. ટૂંક સમયમાં બધું કાબૂમાં આવશે.

સિંહ: આજે તમારું મન અસ્વસ્થ રહેશે. આજે તમે કોઈ જૂની વાત વિશે વિચારીને અસ્વસ્થ થઈ શકો છો અને તમે મનમાં દુ:ખી થશો.

કન્યા: તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણને હળવું કરી શકશો. તમારા પ્રિયજનને મદદ કરવામાં થોડી ભાગદોડ થઈ શકે છે.

તુલા: આજે મહત્વાકાંક્ષી સ્વભાવવાળા લોકોને વિશેષ લાભ મળશે અને તેમની મનોકામના પૂર્ણ થશે. મુસાફરી પર જવું ફાયદાકારક રહેશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વભાવને કારણે તમારો અડધો દિવસ અન્ય લોકોનું ભલું કરવામાં અને તેમના માટે ભાગદોડમાં પસાર થશે.

ધન: આજે મિશ્રિત પરિણામનો દિવસ બની શકે છે. આજે સમાજમાં તમારી છબી સુધરશે અને તમને કંઈક કરવા પ્રેરણા મળશે જે બીજાના હિત સાથે સંબંધિત હશે.

મકર: તમારા માટે આજનો દિવસ આનંદદાયક છે. આજે સફળતા મળશે અને બેરોજગાર લોકોને પણ આજથી ગમે ત્યાંથી સારા સમાચાર મળી શકે છે.

કુંભ: આજે તમને સારી સંપત્તિ મળી શકે છે. સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે અને તમે જે વિચાર્યું તે બધું થઈ રહ્યું છે તે જોઈને તમને આનંદ થશે.

મીન: આજે દરેક બાબતમાં જીવનસાથીનો સહયોગ મળશે. વેપારમાં તમે જે પણ પ્રયત્નો કરો છો તેમાં આજે તમને સફળતા મળશે.

# ચાડિયા ગામને પ્રથમ ગોકુળિયું ગામ બનાવવાનો પ્રયાસ, મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં વિશેષ કાર્યક્રમ

અમરેલી, તા.૨૬

ગોકળિયું ગામ ચાડિયાને ખરેખર ગોકુળિયા બનાવવાના હેતુથી તા. ૫/૧૧/૨૦૨૪ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ ગામના અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ યોજાશે. ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ ગઢીયાના નેતૃત્વમાં ગામના વિકાસ અને આગળ પગલાં ભરાઈ રહ્યા છે. ગામમાં સફાઈ તેમજ કિંમતી જમીનમાં ગોંડા બાવળ નાબૂદી પ્રવૃત્તિઓ શરૂ થઈ છે. આ ઉપરાંત, ગામમાં આવેલ ત્રણ ચેકડેમ પણ બનાવવાનું આયોજન છે. કાર્યક્રમ દરમિયાન, ગામના બહાર વસતા ગ્રામજનો અને સગા-સંબંધીઓ બહારગામ વસતા વતન પ્રેમીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. અમદાવાદ-સુરત મુકામે સ્થાનિક આગેવાનો રહેવાસીઓની મીટિંગો યોજવામાં આવી છે. તા. ૨૫/૯/૨૦૨૪ના રોજ અમરેલી મુકામે ધીરુભાઈ ગઢીયાના નિવાસ સ્થાને એક મિટિંગ યોજાઈ હતી, જેમાં ટ્રસ્ટના ટ્રસ્ટી વલ્લભભાઈ રામાણી દ્વારા ગામના વિકાસ તેમજ માતૃવંદના કાર્યક્રમ વિશે માહિતી આપવામાં આવી હતી. ગામના વિકાસ માટે ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ ગઢીયા, આગેવાન ઘનશ્યામભાઈ વાળા, મંડળીના પ્રમુખ લાલજીભાઈ રામાણી, યુવા કાર્યકરો ગુણવંત ભંડેરી, બીપીન ભંડેરી, ગિરીશ ગઢીયા, હરેશભાઈ દવે, જગદીશભાઈ સાવલિયા, ચિંતન ભંડેરી, મકવાણા અરવિંદભાઈ તેમજ ચાડિયા ગામના નિવાસી અમરેલી નિવાસી સભ્યો સહિત તમામ લોકોએ કાર્યક્રમને સફળ બાનાવવા હાકલ કરી હતી.તેમ ટ્રસ્ટ વતી બીપીન ભંડેરીની યાદીમાં જણાવાયું છે.

# સાવરકુંડલાના આંબરડી ગામે ચાર્જિંગમાં મુકેલો મોબાઈલ ચોરાયો

સાવરકુંડલા, તા.૨૬

સાવરકુંડલાના આંબરડી (જોગીદાસ ખુમાણની) ગામે ચાર્જિંગમાં મુકવામાં આવેલા મોબાઈલની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે સંજયભાઈ રમેશભાઈ બારૈયા (ઉ.વ.૨૪)એ જાહેર કર્યા મુજબ, તેઓ પાંચ દિવસ પહેલા જમીને ફોન ચાર્જિંગમાં મૂકીને ઓસરીમાં સુઈ ગયા હતા. રાત્રે પાણી પીવા જાગતાં ચાર્જિંગમાં મુકેલો ફોન મળી આવ્યો નહોતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.સી. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં ખેતીવાડીના ફેઈલ ટીસીમાંથી ૧૨૦ લીટર ડીઝલની ચોરી

**નાયબ ઈજનેરે બે ઇસમ સામે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૨૬

અમરેલી ડિવિઝન-૦૨ના ખેતીવાડીમાં ગ્રાહકોના ફેઈલ ટીસીમાંથી બે ઈસમે ૧૨૦ લીટર ડીઝલની ચોરી કરી હતી. જેને લઈ પીજીવીસીએલ ધારી-૦૨ સબ ડિવિઝનમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા અંકીતકુમાર હસમુખભાઈ વાળા (ઉ.વ.૪૦) એ ચિરાગભાઈ માધાભાઈ બતાડા અને અજયભાઈ માધાભાઈ બતાડા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ PGVCL ધારી-૦૨, સબ ડિવિઝન કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. તેઓના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવતા ખેતીવાડીના ગ્રાહકોના ફેઈલ ટી.સી. બદલાવવાના હોય, જે માટે અમરેલી ડિવિઝન-૦૨ ના સ્ટોરમાંથી અલગ-અલગ કુલ-૦૭ ટી.સી. કોન્ટ્રાક્ટર વતી આરોપીઓ દ્વારા સ્ટોરમાંથી કઢાવવામાં આવ્યા હતા. જે PGVCL ધારી-૦૨, સબ ડિવિઝન ખાતે લઈ જતા પહેલા અમરેલી ગોકુળનગર ખાતે પોતાના ઘરે લઈ જઈ જે તે ટી.સી. માંથી ઓઈલની ચોરી કરી, કુલ-૦૭ નવા ટી.સી. તથા અન્ય જુના ટી.સી.માંથી આશરે ૧૨૦ લીટર ઓઈલ, કુલ કિંમત રૂ.૧૧,૭૬૦ પોતાના અંગત ઉપયોગ અને પોતાનો આર્થિક ફાયદો મેળવવા સારૂ બદદાનતથી ચોરી કરી કાઢી લીધું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જી.બી. લાપા વધુ તપાસ કરી રહ્યા છે.


**શીતલ કોર્પોરેશન**

**પ્રોગ્રામ ઓફિસર આઈ.સી.ડી.એસ. શાખા અમરેલી**

**આઉટસોર્સ આધારિત જગ્યાઓ ભરવા માટેની જાહેરાત**

કામનું સ્થળ:– આઈ.સી.ડી.એસ.શાખા–અમરેલી તથા તાબા હેઠળની કચેરીઓ

| ક્રમ | જગ્યાનું નામ | ખાલી જગ્યાઓ | શૈક્ષણિક લાયકાત | અનુભવ | માસિક ફિક્સ પગાર |
|---|---|---|---|---|---|
| 1 | UID ઓપરેટર | 13 | 12 પાસ, NSEITનું પ્રમાણપત્ર | 2 Year Experience | 14000/- |
| 2 | પૂર્ણા કન્સલ્ટન્ટ | 1 | સામાજિક વિજ્ઞાન/ હોમ સાયન્સ/ પોશન/જાહેર વ્યવસ્થાપનમાં અનુસ્નાતક સાથે કોમ્પ્યુટર વિષે પાયાનું જ્ઞાન | 2 Year Experience | 25000/- |
| 3 | પ્યુન | 1 | 12 પાસ | Freshers Can Apply | 12500/- |
| 4 | આધાર કન્સલ્ટન્ટ | 1 | સ્નાતક (આંકડાશાસ્ત્ર/ કોમર્સ આઈ.ટી/પી.જી.ડી.સી.એ./ NSEITનું પ્રમાણપત્ર | 2 Year Experience | 20000/- |
| 5 | કલાર્ક | 11 | સ્નાતક (આર્ટસ, કોમર્સ), કોમ્પ્યુટરના જાણકાર | 2 Year Experience | 15500/- |
| 6 | આંકડા મદદનીશ | 1 | આંકડા મદદનીશ સંવર્ગ મુજબ માન્ય યુનિ.માં આંકડાશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા ગણિતશાસ્ત્ર સાથે સ્નાતક | 2 Year Experience | 25000/- |
| | | 28 | | | |

- અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : 02-10-2024
- રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી અરજી મોકલવાનું સ્થળ: ''શિતલ કોર્પોરેશન'' ડ્રીમ સીટી, પ્રગટ હોન્ડા શોરૂમની સામે, રોડ ટચ ઢોસા ની બાજુમાં, કુંકાવાવ, તા.કુંકાવાવ, જીલ્લો. અમરેલી
- અરજી ફકત રજીસ્ટર પોસ્ટ એ.ડી./ સ્પીડ પોસ્ટથી જ કરવાની રહેશે.
- અરજીના કવર ઉપર અરજી કરેલ જગ્યાનું નામ, સરનામું તથા મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવાનું રહેશે, એક થી વધુ જગ્યા માટે અરજી કરે તો તેની અરજી અલગ અલગ કરવાની રહેશે.
- ઉમેદવારે અરજી સ્વીકારવાની છેલ્લી ૦૨–૧૦–૨૦૨૪ તારીખ સુધીમાં મોકલવાની રહેશે.
- લાયકાત ધરાવતા ઉમેદવારે નિયમ મુજબ આધારકાર્ડ, શૈક્ષણિક લાયકાત,અનુભવના પ્રમાણપત્ર,લિવિંગ સર્ટિફિકેટ અને કોમ્પ્યુટર જ્ઞાન અંગેની તમામ નકલો મોકલવાની રહેશે.
- ઉમેદવારે ઉપર દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ થતો હોય તો જ અરજી કરવાની રહેશે.
- તા.૦૨/૧૦/૨૦૨૪ સુધી ઉમેદવારે કરેલ અરજી જ માન્ય ગણવામાં આવશે.

તંત્રી લેખ

# મધ્ય પૂર્વમાં અવિરામ યુદ્ધ

જગતભર માં અશાંતિનો માહોલ છવાયેલો છે. મધ્યપૂર્વમાં ભીષણ યુદ્ધ વધુ ને વધુ ભયાનક બનતું જાય છે. શાંતિનો સંદેશ કોઈ કાને ધરવા રાજી નથી. આ યુદ્ધમાં અનેક નિર્દોષ નાગરિકો અને માસુમ બાળકો કમોતે મરી રહ્યા છે, અનેક બાળકોએ મા બાપની છત્રછાયા ગુમાવી છે. આવા બાળકોને કોઈ જ લેવા દેવા નથી. ઈરાનના સંપૂર્ણ પીઠબળવાળા લેબેનોન સ્થિત યુદ્ધખોર જૂથ હિઝબુલ્લાહે ઉત્તર ઈઝરાયલમાં સો કરતા વધુ રોકેટ્સ હૈફાનગરની નજીક દાગી દીધા છે, સામે ઈઝરાયલે સેંકડો હવાઈ હુમલા શરૂ કરી દીધા છે. જેમાં બે હજારથી વધુ હવાઈ હુમલા કરી ભયાનક તબાહી કરી છે, ૨૦૦૬માં ઈઝરાયલ યુદ્ધ થયું તે પછીનું આ સૌથી વધુ ઘમાસાણ યુદ્ધ કહી શકાય તેમ છે. તે પછી જામેલી આ ઓલ-આઉટ વોરમાં શુક્રવારે રાત્રે ઈઝરાયલી હવાઈ હુમલામાં લેબેનોનમાં ઓછામાં ઓછા ૪૫ના મોત થયા છે. આ સાથે હિઝબુલ્લાહના એક કમાન્ડરે જાહેર કરી દીધું હતું કે હવે તો ખુલ્લં-ખુલ્લાં યુધ્ધ શરૂ થઈ ગયું છે. બંને પક્ષો 'ઓલ-આઉટ-વોર તરફ ધસી રહ્યા છે.' ઈઝરાયલે રાત્રે કરેલા હવાઈ હુમલામાં હિઝબુલ્લાહનાં કમાન્ડર સહિત ડઝનબંધ લોકો માર્યા ગયા હતા, જેના જવાબરૂપે હિઝબુલ્લાહે દોઢસોથી વધુ રોકેટ દાગી દીધા છે. આ અસામાન્ય રોકેટ વર્ષા ઉત્તર ઈઝરાયલનાં ગોલન હાઈટસની તળેટીએ આવેલાં હૈફા અને આસપાસના વિસ્તારો પર થઈ હતી. આથી ઉત્તર ઈઝરાયલમાં હૈફા સહિત ઠેર ઠેર એર રેઈડ સાયરન્સ ગર્જી ઉઠી હતી. ઈઝરાયલે પેજર્સ અને વોકીટોકી દ્વારા હિઝબુલ્લાહના અનેક ટોચના અધિકારીઓના જાન લીધા હતા, આ સાથે હિઝબુલ્લાહના એક નેતાએ કહ્યું, હવે ખુલ્લં-ખુલ્લાં યુદ્ધ શરૂ થઈ ગયું છે. સમગ્ર ઉત્તર ઈઝરાયલમાં ઠેર ઠેર સાયરનો વાગી રહી છે. લોકો જીવ બચાવવા અહીં-તહીં આશ્રય લઈ રહ્યાં છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે ગયા વર્ષે શરૂ થયેલું ઘર્ષણ હવે ઈઝરાયલ અને લેબનોન વચ્ચે પૂર્ણ યુદ્ધમાં પલટાઈ ગયું છે. ઈઝરાયલે દક્ષિણ લેબનોન પર સોમવારથી શરૂ કરેલો હવાઈ હુમલો મંગળવારે પણ ચાલુ રહ્યો હતો. ઈઝરાયલે બે દિવસમાં લેબનોનના ૧૬૦૦ સ્થળો પર ૬૫૦થી વધુ હુમલામાં ૨૦૦૦ જેટલો બોમ્બમારો કર્યો હતો, જેમાં ૬૦૦થી વધુ લોકો માર્યા ગયા છે જ્યારે ૨૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. લેબનોનમાં ૧૯૭૫ થી ૯૦ સુધી ચાલેલા ગૃહયુદ્ધ પછી એક જ દિવસમાં આ સૌથી વધુ મોત થયા છે. બીજીબાજુ હિઝબુલ્લાહે ઈઝરાયલ ઉપર ૨૦૦ રોકેટનો મારો કર્યો હતો, પરંતુ આ રોકેટ તેની ડિફેન્સ સિસ્ટમે તોડી પાડયા હતા. લેબનોનમાં પેજર અને વોકી-ટોકીમાં વિસ્ફોટ કર્યા પછી હિઝબુલ્લાહે ઈઝરાયલને વળતા હુમલાની ધમકી આપી હતી. હિઝબુલ્લાહ હુમલો કરવાની તૈયારી કરે તે પહેલાં જ ઈઝરાયલે સોમવારે દક્ષિણ લેબનોન પર સૌથી મોટો જીવલેણ હુમલો કરતા હિઝબુલ્લાહના ૩૨૦થી વધુ લોકો માર્યા ગયા હતા. ઈઝરાયલનો હવાઈ હુમલો સતત બીજા દિવસે પણ ચાલુ રહ્યો હતો, જેમાં ૫૦ બાળકો અને ૧૦૦થી વધુ મહિલાઓ સહિત ૬૦૦થી વધુ લોકોનાં મોત નિપજ્યાં હતા.

# આપ પણ વીજ પાવર જનરેટ કરીને વેચી શકો છો !

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

એક સમય એવો હતો કે જ્યારે કોઈપણ નગરજન પોતે વીજળી ઉત્પન્ન કરીને વેચી શકતો નહોતો પરંતુ હવે જમાનો બદલાયો છે. હવે કોઈપણ વ્યક્તિ પોતાની અગાસીમાં અથવા છાપરા પર સોલાર પેનલલગાડીનેપોતાનીવીજળીજનરેટકરીને પોતાના ઘરમાં વાપરી શકે છે અને સરકારને વેચી પણ શકે છે. વીજળી ઉત્પન્ન કરવા માટે સોલાર પેનલ લગાડવી જરૂરી છે. આ સોલાર પેનલમાં ભૂરા રંગના ગોળાકાર સોલાર સેલ લગાડેલા હોય છે. આ તમામ સોલાર સેલ એકબીજા સાથે વાયરથી કનેક્ટ કરેલા હોય છે. દરેક સોલાર સેલ પર જ્યારે સૂરજના કિરણો પડે છે ત્યારે આ સોલાર સેલ માઈક્રો વોલ્ટેજ ઉત્પન્ન કરે છે. આ તમામ માઈક્રો વોલ્ટેજ ઈનબિલ્ટ વાયર દ્વારા મિલી વોલ્ટમાં રૂપાંતર થઈને બેટરીમાં સંગ્રહિત થાય છે અને બેટરી ચાર્જ થાય છે આ ચાર્જ થયેલા કરંટનો ઉપયોગ ઘરમાં કરી શકાય છે. આવા અનેક સેલ જ્યારે એક પેનલમાં ફીટ કરવામાં આવે છે ત્યારે તેને સોલાર પેનલ કહેવામાં આવે છે. આવી અનેક સોલાર પેનલોને જોડીને તેમાં વીજ પાવર ઉત્પન્ન કરવામાં આવે છે. આ વીજ પાવર સૂર્યના કિરણોથી ઉત્પન્ન થાય છે અને આ પાવરનો ઉપયોગ તમે તમારા ઘરમાં કરી શકો છો અથવા તો તેને તમે વીજ કંપનીને વેચી શકો છો અને આ રીતે તમે વિનામૂલ્યે વીજળી ઉત્પન્ન કરીને તેનો ઉપયોગ કરી શકો. તમારે તમારી પોતાની વીજળી ઉત્પન્ન કરીને વાપરવી હોય તો તમારે બેટરીના સેટ લગાડવા પડે છે જે વીજળીનો સંગ્રહ કરે છે અને જ્યારે તમારે એનો ઉપયોગ કરવો હોય ત્યારે આ વીજળીનો ઉપયોગ કરી શકાય છે જેને ઓફલાઈન સોલાર પાવર સિસ્ટમ કહેવામાં આવે છે. બીજી સિસ્ટમ ઓનલાઈન સોલાર પાવર સિસ્ટમ છે. જેમાં તમારે વીજ કંપનીની વીજળી વાપરવાની છે. અને તમારી ઉત્પન્ન કરેલી વીજળી તમારે ગ્રીડમાં પાવર કંપનીને દેવાની છે. આસમાનને આંબતી મોંઘવારીમાં વીજળીનું બિલ માની ન શકાય તેટલું વધી રહ્યું છે. આથી લોકો પોતાની અગાસીમાં અને ઘરના છાપરા પર સોલાર પેનલ લગાડે છે અને આને કારણે તેને વીજબિલમાં ખૂબ મોટી રાહત મળે છે. તે કેટલા પ્રકારની આવે છે તે જાણવું જરૂરી છે. આપણા બંગલાઓની અગાસીમાં તથા છાપરા પર સોલાર પેનલ લગાડેલી આપ જોઈ શકશો આ સોલાર પેનલ લગાડવાથી વીજળીના બિલમાં ખૂબ મોટી રાહત મળે છે. અને ઘણીવાર તો તમે વધારાની વીજળી વેચીને કમાણી પણ કરી શકો છો. આજના મોંઘવારીના જમાનામાં સોલાર પેનલ પાછળ કરેલું મૂડી રોકાણ પૂરેપૂરું વળતર આપે છે. એક વખત આપ મૂડી રોકાણ કરો તો ૨૦ થી ૨૫ વર્ષ સુધી આપને મફત વીજળી મળે છે. તથા જે વીજળી વધે છે એટલે કે સરપ્લસ વીજળી છે તે પશ્ચિમ ગુજરાત વીજ કંપની ખરીદી લે છે. અને એનો તમને બહુ મોટો બેનિફિટ મળે છે. આજે મોટાભાગના લોકો પાસે આ બાબતની ટેકનીકલ જાણકારી નહીં હોવાથી આ લેખમાં અમે આપને આ બાબતની મહત્વની જાણકારી આપી રહ્યા છીએ. સોલાર પેનલ વિશે આપ જાણો, તેની ટેકનિકલ ભાષાને સમજો તો તમે તમારા ઘરની ઉપર સર્વોત્તમ પ્રકારની સિસ્ટમ ઓછા ખર્ચની અંદર લોંગ ટાઈમ ચાલે તેવી લગાડી શકશો. તો આ માટે માહિતી અત્યંત જરૂરી છે. સોલાર પેનલ ઉપરાંત આમાં ઈન્વર્ટર નામનું એક સાધન આવે છે જે સોલાર પેનલની વીજળીને એસીમાં કન્વર્ટ કરીને તમારા ઘરની અંદર ઉપયોગ લાયક બનાવે છે. તે ઘરના રૂમમાં ફીટ થાય છે મતલબ કે તે ઈન્ડોર હોય છે આ ઈન્વર્ટર લગાડવું જરૂરી છે.

સોલાર પેનલના મુખ્ય બે પ્રકાર છે એક "ઓનલાઈન સોલાર પેનલ સિસ્ટમ" જેમાં તમે જે વીજળી વાપરો છો તે વીજળી સોલાર પેનલની નહીં પરંતુ પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની હોય છે. આમાં તમે ઈચ્છો એટલી વીજળી વાપરી શકો. હવે તમારી સોલાર પેનલ જે વીજળી ઉત્પન્ન કરે છે તે વીજ કંપનીની ગ્રીડમાં જાય છે. અને જેટલી વીજળી ગ્રીડમાં ગઈ હોય તેટલી રકમ તમને વીજ બિલની અંદર બાદ મળે છે મતલબ કે રાહત મળે છે. માની લો કે તમે ૭૦ યુનિટ વીજળી વાપરી બીજી બાજુ તમારી સોલાર પેનલે ૫૦ યુનિટ જેટલી વીજળીનું ઉત્પાદન કર્યુ તો તમારું વીજબિલ માત્ર ૨૦ યુનિટનું જ આવશે તો ૫૦ યુનિટનો તમને ફાયદો થશે. અહીં મહત્વની વસ્તુ એ જ છે કે માની લો કે તમારો વપરાશ ૭૦ unit છે અને તમે ૧૦૦ યુનિટ જેટલી વીજળી ઉત્પન્ન કરી છે તો વધારાના ૪૦ યુનિટના પૈસા તમને ક્રેડિટ મળે છે મતલબ કે ૪૦ યુનિટ તમારા ખાતે જમા થાય છે આ ૪૦ unit તમને બીજા બિલમાં રાહત રૂપે પણ મળી શકે છે મતલબ કે જ્યારે તમે વધુ વીજળી વાપરો ત્યારે આ વધારાના ૪૦ યુનિટમાં પ્લસ થાય છે અને તમારું વીજ બિલ ઘટે છે મતલબ કે

> **વીજ પાવર જનરેટ કરવાનો ઈજારો માત્ર સરકારી કંપનીઓને જ હતો પરંતુ હવે તો કોઈપણ વ્યક્તિ પોતાના છાપરા પર રૂફટોપ સોલાર પેનલ લગાડીને પોતાની વીજળી વેચી શકે છે.**

તમારી સરપ્લસ વીજળીનો તમને બહુ મોટો ફાયદો થાય છે અહીં મહત્વની વસ્તુ એ જ છે કે તમે જે વીજળી વાપરો છો તે જ પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની વાપરો છો. તમારી સોલાર પેનલ જે વીજળી ઉત્પન્ન કરે છે તે વીજળી ગ્રીડમાં જાય છે મતલબ કે તે વીજળી આ પશ્ચિમ ગુજરાત વીજ કંપની પોતાની પાસે લઈ લે છે બીજા શબ્દમાં કહીએ તો તમારી ઉત્પન્ન કરેલી વીજળી એની લાઈનની અંદર જાય છે તેની સિસ્ટમમાં તેનો ઉપયોગ થાય છે તો આ વસ્તુની ખબર કેમ પડે કે આપણે કેટલી વીજળી વાપરી? તો તમે જો ઓનલાઈન સોલાર સિસ્ટમ ખરીદી હોય તો તમારી સિસ્ટમમાં ઈન્વર્ટર સાધનની સાથોસાથ એક નહિ પણ બે વીજ મીટર મુકેલા હોય છે. એક મીટર તમે કંપનીની જે વીજળી વાપરો છો તે બતાવે છે અને બીજું મીટર તમારી સોલાર પેનલે કેટલી વીજળી ઉત્પન્ન કરી છે તે બતાવે છે. તેનો તફાવત તમે જાણી શકો છો એનો લાભ તમને મળે છે. એટલે ટૂંકમાં સોલાર પેનલ લગાડવી ફાયદાકારક છે. કારણ કે દિવસે દિવસે મોંઘવારી વધતી જાય છે, યુનિટના ભાવ વધતા જાય છે બે ત્રણ દાયકા પછી એવો સમય આવશે કે તમારી ઈન્કમની ૩૦ થી ૪૦% રકમ તમારે વીજ બિલ ભરવામા જ વપરાઈ જશે! આ સમયે જો તમે સોલાર પેનલ લગાડી હશે તો તમારે કેટલી મોટી બચત થશે તે તમે આજની તારીખે વિચારો.





# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૩૦ | ૧૬૨૨ |
| ઘઉં લોકવન | ૫૩૨ | ૫૭૪ |
| ઘઉં ટુકડા | ૫૩૫ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૭૫૧ | ૮૧૩ |
| બાજરી | ૩૯૦ | ૪૫૦ |
| તુવેર | ૧૪૪૦ | ૨૧૦૨ |
| ચણા પીળા | ૧૩૨૦ | ૧૪૮૦ |
| ચણા સફેદ | ૧૮૦૦ | ૨૯૦૦ |
| અડદ | ૧૪૮૦ | ૧૮૧૨ |
| મગ | ૧૩૦૦ | ૧૬૨૫ |
| ચોળી | ૧૨૫૦ | ૨૯૬૦ |
| વટાણા | ૧૪૪૦ | ૩૦૧૧ |
| સીંગદાણા | ૧૪૪૦ | ૧૫૧૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૫૨ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૪૧૫ |
| અળશી | ૧૦૦૮ | ૧૦૦૮ |
| તલી | ૨૦૦૦ | ૨૬૦૬ |
| સુરજમુખી | ૮૦૧ | ૮૦૧ |
| એરંડા | ૧૨૧૫ | ૧૨૪૦ |
| અજમો | ૧૯૨૩ | ૨૪૫૦ |
| સોયાબીન | ૮૭૫ | ૯૧૦ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૨૩૦ |
| કાળા તલ | ૩૨૫૦ | ૩૬૫૦ |
| લસણ | ૩૬૧૧ | ૪૮૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૪૬૦ |
| ધાણી | ૧૧૯૦ | ૧૬૦૧ |
| વરીયાળી | ૧૧૫૦ | ૧૩૫૦ |
| જીરૂ | ૪૬૨૫ | ૫૦૫૧ |
| રાય | ૧૧૦૦ | ૧૩૯૦ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૩૩ |
| રાયડો | ૧૦૧૦ | ૧૧૬૦ |
| રજકાનું બી | ૪૩૨૫ | ૫૨૫૦ |
| ગુવારનું બી | ૧૦૨૦ | ૧૦૫૬ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૪૦૦ | ૨૫૫૦ |
| બટેટા | ૩૦૦ | ૬૩૦ |
| ડુંગળી સુકી | ૩૭૦ | ૯૭૫ |
| ટમેટા | ૮૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૫૦૦ | ૨૦૦૦ |

| | | |
|---|---|---|
| મૂળા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૨૫૦ | ૪૩૦ |
| ફ્લાવર | ૫૫૦ | ૮૨૦ |
| ભીંડો | ૧૫૦ | ૩૨૫ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૨૦૦ | ૩૫૦ |
| સરગવો | ૮૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૫૦૦ |
| પરવર | ૯૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૫૦ |
| કંટોલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૫૦ | ૪૩૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૯૦૦ | ૧૫૦૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૪૦ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૭૩૦ | ૧૧૪૬ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૪૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૨૧ |
| તલ કાળા | ૨૮૨૮ | ૩૭૬૦ |
| બાજરો | ૪૦૦ | ૪૭૨ |
| જુવાર | ૪૦૦ | ૭૬૭ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૪૨ |
| ઘઉં લોકવન | ૩૬૦ | ૫૯૮ |
| મકાઈ | ૪૬૨ | ૬૮૯ |
| મગ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૩૫ |
| વાલ | ૧૫૩૦ | ૧૫૩૦ |
| કપાસ | ૭૦૦ | ૧૫૮૮ |
| એરંડા | ૧૧૫૫ | ૧૨૫૮ |


| | | |
|---|---|---|
| જીરું | ૨૨૦૦ | ૪૯૦૦ |
| ધાણા | ૧૦૭૫ | ૧૩૧૫ |
| મેથી | ૮૦૦ | ૧૧૨૨ |
| સોયાબીન | ૭૭૦ | ૮૯૦ |
| રજકાનું બી | ૨૯૫૦ | ૪૪૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૬૦ | ૫૩૦ |
| રીંગણાં | ૪૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૫૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૩૨૦ | ૪૧૦ |
| ટામેટા | ૮૦૦ | ૧૨૦૦ |
| સુરણ | ૧૫૫૦ | ૧૬૭૦ |
| ગાજર | ૫૨૦ | ૬૦૦ |
| દૂધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૩૦૦ | ૪૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૦૦ |
| મૂળા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૩૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ચોળાલીલાં | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૨૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| હળદર લીલી | ૧૦૫૦ | ૧૨૨૦ |
| આદુ | ૮૩૦ | ૯૨૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મેથીભાજી | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ફુદીનો | ૯૩૦ | ૯૯૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૫૦ |
| બીટ | ૪૫૦ | ૫૩૦ |
| શીંગઓળા | ૫૦૦ | ૬૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૧૫૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી સૂકી | ૪૪૦ | ૯૦૦ |
| લસણ સુકુ | ૫૦૫૦ | ૬૦૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૩૮૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| પાલક | ૫૦૦ | ૬૦૦ |
| **ગોંડલ** | | |

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૧૫૧ | ૧૬૧૧ |
| ઘઉં લોકવન | ૫૪૨ | ૫૮૮ |
| ઘઉં ટુકડા | ૫૨૬ | ૬૨૪ |
| સિંગદાણા જાડા | ૧૧૫૧ | ૧૪૩૧ |
| સિંગ ફાડીયા | ૯૭૧ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૧૦૮૧ | ૧૨૮૧ |
| જીરૂ | ૩૮૫૧ | ૫૩૪૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૭૧ |
| લસણ સુકું | ૧૫૫૧ | ૪૯૯૧ |
| ડુંગળી લાલ | ૩૧૧ | ૮૬૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૮૧ |
| મઠ | ૯૫૧ | ૯૫૧ |
| તુવેર | ૧૮૩૧ | ૨૦૮૧ |
| રાય | ૧૧૩૧ | ૧૨૪૧ |
| મેથી | ૧૧૪૧ | ૧૨૭૧ |
| સુરજમુખી | ૪૦૦ | ૭૨૬ |
| સફેદ ચણા | ૧૪૦૧ | ૨૮૫૧ |
| તલ - તલી | ૧૮૫૦ | ૨૫૯૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૫૯૧ |
| બાજરો | ૪૦૧ | ૪૪૧ |
| જુવાર | ૭૪૧ | ૮૩૧ |
| મકાઇ | ૪૨૬ | ૬૮૮૧ |
| મગ | ૧૧૬૧ | ૧૬૪૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૫૧ |
| વાલ | ૪૮૧ | ૨૧૦૧ |
| વાલ પાપડી | ૭૫૧ | ૨૦૫૧ |
| ચોળા / ચોળી | ૧૦૦૧ | ૧૮૦૧ |
| સોયાબીન | ૭૭૧ | ૯૧૬ |
| ગોગળી | ૪૩૧ | ૯૪૧ |
| વટાણા | ૧૦૦૧ | ૨૫૫૧ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૦૨૫ | ૨૫૫૦ |
| કપાસ | ૯૦૦ | ૧૫૧૬ |
| બાજરો | ૪૬૦ | ૫૧૨ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૧૯ |
| જુવાર | ૭૫૦ | ૮૧૪ |
| ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| અજમા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| **મહુવા** | | |
| મગફળી ટી.જે.૩૯૭ | | ૧૦૪૨ |

| | | |
|---|---|---|
| મગફળી ૩૯ | ૪૫૬ | ૧૦૩૫ |
| જુવાર | ૪૫૩ | ૭૬૩ |
| બાજરી | ૪૫૩ | ૭૬૩ |
| ઘઉં ટુકડા | ૫૧૮ | ૬૪૯ |
| મગ | ૧૦૯૯ | ૧૬૨૧ |
| ચણા | ૧૧૭૫ | ૧૩૭૧ |
| તલ સફેદ | ૧૯૮૦ | ૨૬૨૮ |
| તલ કાળા | ૩૩૯૫ | ૩૪૯૧ |
| ડુંગળી લાલ | ૧૨૫ | ૯૩૩ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૮૯૩ |
| નાળીયેર | ૫૩૨ | ૨૦૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૭૩૨ | ૧૧૩૫ |
| બાજરી | ૪૦૦ | ૫૦૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૯૨ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૫૬૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૭૦૦ |
| સોયાબીન | ૮૭૦ | ૯૧૭ |
| જુવાર | ૬૦૦ | ૭૩૫ |
| અડદ | ૮૫૦ | ૧૮૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૪૦ |
| રજકો | ૩૫૦૦ | ૪૭૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૪ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૩૨ |
| સોયાબીન | ૭૩૦ | ૮૬૪ |
| એરંડી | ૧૦૩૫ | ૧૦૩૫ |
| ચણા | ૧૦૩૫ | ૧૩૫૫ |
| ધાણા | ૧૧૫૦ | ૧૨૩૫ |
| તલ સફેદ | ૧૬૦૫ | ૨૭૪૫ |
| શીંગદાણા | ૧૧૦૫ | ૧૧૪૫ |
| મગફળી | ૭૪૫ | ૯૨૬ |
| અડદ | ૧૫૨૧ | ૧૫૨૧ |
| બાજરો | ૩૫૦ | ૪૦૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૦૦ |
| મકાઈ | ૫૨૨ | ૫૨૨ |
| જુવાર | ૭૧૫ | ૮૨૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૬૮ |
| મગફળી | ૧૦૬૧ | ૧૦૬૧ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૫૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૯૦૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૫૨૫ |
| ધાણા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| સોયાબીન | ૮૫૧ | ૮૫૧ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૩૫૧ | ૧૪૯૦ |
| મગફળી | ૮૦૦ | ૮૦૦ |
| ચણા | ૧૪૧૧ | ૧૪૧૧ |
| બાજરો | ૪૬૦ | ૪૬૦ |
| તુવેર | ૧૫૭૧ | ૧૫૭૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૦૯ | ૧૬૧૧ |
| ઘઉં | ૪૯૬ | ૫૭૫ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૦૫ |
| મગ | ૧૨૮૦ | ૧૮૦૦ |
| મગફળી નવી | ૮૦૦ | ૧૦૪૦ |
| બાજરો | ૪૫૧ | ૫૦૦ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૯૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૮૦ |
| મગફળી | ૭૦૦ | ૧૧૧૧ |
| શિંગ ફાડા | ૯૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| મેથી | ૭૦૦ | ૧૦૦૦ |
| જીરૂ | ૨૭૦૦ | ૪૦૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૧૬ |
| શિંગ જીણી | ૭૦૦ | ૧૧૨૨ |
| શીંગ મોટી | ૭૦૦ | ૧૧૧૭ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૩૬ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૦૭૫ |

## શબ્દ સંજોગ-૧૮૭૭



**આડી ચાવી :**
(૧) દરેક કાર્યમાં....હોવી જોઈએ (૩)
(૩) .....જવાબ આપો (૩)
(૬) એક મહાષ્ટ્રીયન અટક (૩)
(૭) નવું, નવીન (૩)
(૯) .....લાંબુ ન જ ચાલે(૩)
(૧૧) આદત, વ્યસન (૨)
(૧૨) અમુક તારા......આંખે દેખાતા નથી (૨)
(૧૩) કવિતાને તૂકને અંતે અક્ષર મળતા આવવા તે (૨)
(૧૪) બાંધેલો લોટ(૩)
(૧૬) એક ફરસાણ (૩)
(૧૮) સ્કૂલના પીરિયડ (૨)
(૨૧) પતિ, કાંત (૩)
(૨૩) રોજની આવક (૩)
(૨૫) મોકો, લાગ (૨)
(૨૭) વાંદરો, વાનર (૨)
(૨૯) મુરાદ, ધારણા(આ-અ) (૪)
(૨૯) તરંગ, ફાટો (૧)
(૩૨) મહારાષ્ટ્રનો એક નૃત્ય પ્રકાર (૩)
(૩૩) એક વિદેશી દારૂ (૨)

**ઉભી ચાવી :**
(૧) હૃદયના ધબકારા (હિન્દીમાં) (૪)
(૨) ગાડું (૩)
(૩) સાથે મળીને થતી વિચારણા (આ-અ) (૪)
(૪) દેહ, કાયા (૨)
(૫) ......રાધા.... (૨)
(૮) પાણીના અધિષ્ઠાતા દેવ (૩)
(૧૦) એક અટક (૩)
(૧૩) .....જાય પર વચન ન જાય (૨)
(૧૪) ઘટ, ખોટ (૩)
(૧૫) એક ફૂલ (૩)
(૧૭) રોમની ભાષા (આ-અ) (૩)
(૧૯) આજે....કરતા જાવક વધી જાય છે (૩)
(૨૦) સફેદ (૨)
(૨૨) મુખ્ય સ્થાન (૩)

## શબ્દ સંજોગ-૧૮૭૬ જવાબ

આડી ચાવી : (૧) કાનુડો (૪) આપદા (૮) કાતિલ (૯) દડમજલ (૧૧) નારખું (૧૨) ડબ (૧૩) સીનાકસી (૧૬) બાતલ (૧૭) સરપાવ (૧૯) બર (૨૦) નારી (૨૧) સરોવર (૨૪) શ્રી (૨૫) લખ (૨૬) કોમ (૨૭) કેદી (૨૯) વા (૩૦) વાસુપી (૩૧) ફસલી (૩૨) વાદ (૩૩) નતિ.
ઉભી ચાવી : (૧) કાકાબાસી (૨) નુતિ (૩) ડોલ (૪) આદર (૫) પડખું (૬) દામ (૭) કલબલ (૧૦) જડતર (૧૧) નાસીપાસ (૧૪) નાસરી (૧૫) કર (૧૬) બાબર (૧૮) વરોલ (૨૦) નાવાકેફ (૨૨) વખવાદ (૨૩) હોમ (૨૬) કોપીન (૨૮) દીસ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# જન્મ અને મૃત્યુના પ્રમાણપત્રમાં નામ ફેરફાર માટે પરિપત્ર જાહેર કરતી રાજય સરકાર

**રજિસ્ટ્રારને ખાતરી થાય તો 'ઉર્ફે' શબ્દનો ઉપયોગ કરી શકશે**

ગાંધીનગર,તા.૨૬

રાજય સરકારે જન્મ અને મૃત્યુ સમયે નોંધાયેલા નામ તથા બર્થ ડેટમાં ફેરફાર કરવા માટે એક પરિપત્ર જારી કર્યો છે. આ નિર્ણય બાદ જન્મ-મૃત્યુ નોંધણી અને બર્થ ડેટમાં સુધારો સરળ બનશે. તેમજ જન્મ અને મરણના રજિસ્ટરમાં નામ તથા જન્મ તારીખ સુધારણા માટેની અરજી પર નિર્ણય કરતી વખતે જન્મ અને મરણ નોંધણીના સંબંધિત રજિસ્ટ્રારે આ બાબતોની નોંધ લેવી પડશે. ગુજરાત સરકારે જન્મ-મરણ અંગે સેન્ટ્રલ ગવર્નમેન્ટની એડવાઈઝરી હતી એ એડોપ્ટ કરી હતી. પરંતુ એમાં ઘણા પેટા નિયમ ઉમેરવાના બાકી હતા. તેમજ કેટલીક બાબતો ઉમેરવાની રહી ગઈ હોવાનું ધ્યાને આવ્યું હતું. જન્મ અને મરણ અંગે બીજી નાની-મોટી એડવાઈઝરી ભેગી કરીને આ પરિપત્ર બનાવ્યો છે જેથી લોકોને થતી નાની-મોટી તકલીફ દૂર થાય અને ઝડપથી નિરાકરણ આવી શકે. નામ સુધારણાની અરજીનો નિર્ણય કરતી વખતે સંબંધિત રજિસ્ટ્રારે અરજદારની અન્ય ઓળખની વિગતો પિતાનું નામ, છેલ્લું નામ, અટક કે જન્મ તારીખ અથવા કોઈ એક કે તેમાંની કેટલીક વિગતો બદલવાની માંગ કરી છે કે નહીં તે બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે. સંબંધિત રજિસ્ટ્રારે અરજી સાથે આપેલા ફોટો આઈડી કે અન્ય ઓળખના દસ્તાવેજોને ધ્યાનમાં રાખવાના રહેશે. અરજદારે આપેલા પુરાવાની ખરાઈ કર્યા બાદ, રજિસ્ટ્રારને સત્યતાની ખાતરી થાય તો નામમાં ફેરફારના સંદર્ભે 'ઉર્ફે' શબ્દનો ઉપયોગ કરી શકે છે અને જન્મ નોંધણીની નોંધની કોલમમાં જરૂરી નોંધ કર્યા પછી જન્મના પ્રમાણપત્રમાં બન્ને નામો લખવાનાં રહેશે. જો અરજદારને 'ઉર્ફે' શબ્દનો સ્વીકાર ન હોય તો, અરજદાર દ્વારા આપવામાં આવેલા પુરાવાની ફરી ખરાઈ કર્યા બાદ રજિસ્ટ્રારે કરવાના થતા ફેરફાર જન્મ રજિસ્ટરના જન્મ નોંધણીની નોંધની કોલમમાં બન્ને નામનો ઉલ્લેખ સુધારાની તારીખ સાથે કરવાનો રહેશે. રજિસ્ટરમાંની જન્મ અથવા મરણની કોઈ નોંધ, તેના સ્વરૂપમાં કે મહત્ત્વની બાબતમાં ભૂલ છે અથવા તે કપટપૂર્વક કે અયોગ્ય રીતે કરવામાં આવેલી છે, તો અરજદાર દ્વારા પૂરા પાડવામાં આવેલા પુરાવાઓની ખાતરી ન થાય ત્યાં સુધી જન્મ તારીખની નોંધમાં ફેરફાર કરવાની મંજૂરી આપવાની રહેશે નહીં. રજિસ્ટરમાં એન્ટ્રી કરતી વખતે કોઈ કારકુની ભૂલ હોવાના કારણે જ સંબંધિત રજિસ્ટ્રાર અરજદારની અરજીને નકારી શકશે નહીં.

# કો-ઓપરેટિવ બેંકિંગ સેક્ટરમાં પારદર્શિતા સાથે વિકાસનો સુવર્ણકાળ : મુખ્યમંત્રી પટેલ

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૬



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે, કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટર ટેક્નોલોજીનો લાભ લઈને સંચાલનમાં પારદર્શિતા સાથે વિકાસ કરી શકે તેવો આજનો સુવર્ણ સમય છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટરના સસ્ટેનેબલ ગ્રોથ માટે સફળ પરિણામદાયી પ્રયાસો હાથ ધરાયા છે. કો-ઓપરેટિવ બેન્કિંગથી લઈને પીએસીએસ સુધી દરેક ક્ષેત્રે 'સહકારથી સમૃદ્ધિ'નો મંત્ર સાકાર થયો છે તેમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોજાયેલા સહકાર સેતુ-૨૦૨૪ મેગા ઈવેન્ટ તથા વેસ્ટ ઈન્ડિયા અર્બન કો-ઓપરેટિવ બેન્કિંગ સમિટનો પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાત અર્બન કો-ઓપરેટિવ બેન્કિંગ ફેડરેશન દ્વારા યોજાયેલ આ સમિટમાં સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા તેમજ કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટરના વરિષ્ઠ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વિકસિત ભારત ૨૦૪૭માં કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટરથી લઈને સામાન્યમાં સામાન્ય માનવીના આર્થિક, સામાજિક ઉત્કર્ષ માટેના દરેક સેક્ટરમાં વડાપ્રધાને ટેક્નોલોજી ટ્રાન્સફોર્મેશન અને ટ્રાન્સપરન્સીનો વ્યૂહ અપનાવ્યો છે.

# ગત વર્ષે કુલ ૧૮ કરોડથી વધુ પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યા: પ્રવાસન મંત્રી

ગાંધીનગર,તા.૨૬



ભારત સહિત સમગ્ર વિશ્વમાં દર વર્ષે તા. ૨૭ સપ્ટેમ્બરે 'વિશ્વ પ્રવાસન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વમાં ગુજરાતનો પ્રવાસન, બિઝનેસ, રોજગારી, આધ્યાત્મિક તેમજ ઔદ્યોગિક રોકાણ સહિત તમામ ક્ષેત્રે ૩૬૦ ડિગ્રી વિકાસ થયો છે જેની નોંધ આજે સમગ્ર વિશ્વ લઈ રહ્યું છે. વર્તમાનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિકાસની આ શ્રૃંખલાને અવિરત આગળ ધપાવી રહ્યા છે ત્યારે દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત હંમેશા પસંદગીનું રાજ્ય બન્યું છે. રાજ્યમાં ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૧૮.૫૯ કરોડથી વધુ પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યા છે તેમ, પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું.

# ગેરકાયદેસર ફિશિંગ સામે કોડીનારના માઢવાડ બંદરના ખારવા, કોળી સમાજે આવેદનપત્ર પાઠવ્યું

કોડીનાર તા.૨૬



કોડીનાર તાલુકાના માઢવાડ બંદરના ખારવા સમાજ તેમજ કોળી સમાજના પટેલોની અધ્યક્ષતામાં દરિયાઈ પટ્ટી ઉપર આવેલા નવાબંદર, સીમર, રાજપરા તેમજ જાફરાબાદ બંદરના કેટલાક બિન માછીમારો દ્વારા બિન કાયદેસર દરિયાઈ પાઈપ ઉતારીને ફિકસ બોયા નાખી કરાતા ગેરકાયદેસર ફિશિંગ ઉપર રોક લગાવવાની ઉગ્ર માંગ સાથે બહોળી સંખ્યામાં કોડીનાર મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદન પત્રમાં જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર અને દીવના નાના માછીમાર દ્વારા આ વિસ્તારની દરિયાઈ પટ્ટીમાં ગેરકાયદેસર ફિશિંગ કરવામાં આવે છે જેના કારણે સૌરાષ્ટ્ર અને દીવના લાખો માછીમારો બેકારીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે.

જો આ રાક્ષસી પ્રકારની ફિશિંગ ચાલુ રહેશે અને તેમને સમયસર અટકાવવામાં નહીં આવે તો દરિયાઈ પટ્ટીના કોટડા બંદર, માઢવાડ બંદર, મૂળદ્વારકા બંદર, ધામળેજ બંદર, સુત્રાપાડા બંદર, હીરકોટ બંદર, વેરાવળ બંદર, ચોરવાડ બંદર વગેરે બંદરના હજારો માછીમારો સીધી રીતે બેકાર થઈ જશે. તેમજ આ ધંધા ઉપર આધારીત અન્ય લાખો લોકો બેકાર થઈ જશે.

# કોડીનારમાં પોષણ અભિયાન અને સ્વચ્છતા હી સેવા અંતર્ગત શિબિર યોજાઈ




કોડીનાર, તા.૨૬

કોડીનાર તાલુકા કાનૂની સેવા સમિતિ, આઈ.સી.ડી.એસ, નેહરુ યુવા કેન્દ્ર, શ્રી જય જવાન ત્રિનેત્ર અને નોબલ હેન્ડ ફાઉન્ડેશન કોડીનારના સંયુક્ત ઉપક્રમે કાજ આંગણવાડી કેન્દ્ર ખાતે મહિલાઓ તેમજ કિશોરીઓને પોષણ અને સારા આરોગ્ય માટે સારો ખોરાક આરોગવો, તેમજ સ્વછતા વિશે સમજૂતી અપવામાં આવી હતી. અશાવર્કર બહેનો, આંગણવાડી કાર્યકરો તેમજ બહેનો, કિશોરીઓ હાજર રહ્યા હતા.

# લાંબા વિરામ બાદ ગીર પંથકને ધમરોળતા મેઘરાજા

ઉના, તા.૨૬



લાંબા સમયના વિરામ બાદ આજે વહેલી સવારથી મેઘરાજાએ ગીર પંથકને ધમરોળવાનું મન બનાવ્યું હોય તેમ કોડીનાર શહેર અને તાલુકાભરમાં આજે વહેલી સવાર જ ધીમીધારે વરસાદ શરૂ થયો હતો. જે આજે સાંજ સુધીમાં ત્રણ ઈંચ વરસાદ ખાબકી ચૂક્યો છે, સાથે મોસમનો કુલ ૪૦ ઈંચ વરસાદ નોંધાયો છે. ડોળાસા વિસ્તારમાં વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતામાં મુકાયા હતા પણ ખરા ટાણે મેઘરાજાનું આગમન થયું હતું.ગત મધ્યરાત્રિથી શરૂ થયેલો ધીમીધારનો વરસાદ સવાર સુધી ચાલુ રહ્યો હતો અને ૨૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. બાદ આજે બપોરના બે થી ચાર વાગ્યા સુધી ધીમે ધીમે વરસાદ ચાલુ રહ્યો હતો. આ દરમ્યાન ૧૬ મી.મી. પાણી પડી ગયું હતું. સાંજે સાત થી સાડા સાત વાગ્યા સુધી ધોધમાર વરસાદ થયો હતો. જે ૨૫ મી.મી. નોંધાયો છે. આજનો કુલ વરસાદ ૬૧ મી મી.( અઢી ઈંચ) થયો હતો. મોસમનો કુલ વરસાદ ૧૦૨૦ મી.મી.( ૪૧ ઈંચ )થયો છે. ઉના ગીરગઢડા પંથકમાં સાંજ સુધીમાં ઉના, ગીરગઢડા, મોઠા, દેલવાડા, રાજપરા, ધોકડવા, સામતેર, ખાપટ, વડવિયાળા, નવાબંદર, ગરાળ, ઊમેજ, કેસરીયા સહિત અનેક ગામોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જે સાંજ સુધીમાં એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

# ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામના મહિલા સરપંચને સસ્પેન્ડ કરાયા

ગીરગઢડા, તા.૨૬



ધોકડવા ગામના સરપંચે તેમના સમય દરમિયાન થયેલા વિકાસના વિવિધ કામોમાં વહિવટી અનિયમિતતા, ગેરરીતિ તેમજ સરકારના ઠરાવો, નિયમોના ભંગ, સરકારની વિવિધ યોજનાની ગ્રાન્ટનો દુરઉપયોગ કર્યો હતો. મહિલા સરપંચના પતિના નામે ચાલતી પેઢીના નામે નાણાં ઉપાડવા બદલ તેમને સરપંચના હોદ્દા પરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ધોકડવા સરપંચ દ્વારા સત્તાનો દુરઉપયોગ કરી ગટર, રોડ, સામૂહિક શૌચાલય, રાજકીય કિન્નાખોરી રાખી અધૂરા વિકાસના કામ કરવા જેવા વિકાસનાં જૂના કામ હતા જે મંજૂરી લીધા વગર સક્ષમ અધિકારીની મંજૂરી વગર, કે તાલુકા પંચાયત-ગીરગઢડા કારોબારીની મંજૂરી લીધા વગર પોતાની સત્તાનો દુરઉપયોગ કર્યો હતો. તેમજ મનસ્વી વર્તન રાખી અગાઉ થયેલા સરકારના કામો તોડી પાડી સરકારને નાણાંકિય નુકસાન કર્યુ હતું. તેથી તે સરપંચને હોદ્દા પરથી દુર (સસ્પેન્ડ) કરવામાં આવ્યા હતા અને તેમના સ્થાને કાન્તિભાઈ માળવીને ગ્રા.પંચાયતનું સુકાન સોંપવામાં આવ્યુ છે.


## જાહેર નોટીસ

આથી હું, ગિરીશ એમ. દવે, એડવોકેટ રહે.અમરેલી,પંચવટી બિલ્ડીંગ, લાઠી રોડ, અમરેલી તે અમારા અસીલ વાલજીભાઈ ગોબરભાઈ માંડણકા રહે. હાથીગઢ, તા. લીલીયા, જી. અમરેલીની સુચના તથા માહિતી અનુસાર જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, આથી અમરેલી જીલ્લામાં રહેતા વસતા તથા અમરેલી જીલ્લાની બહાર રહેતા અને વસતા તમામ વ્યકિતઓને આ જાહેર નોટીસ કામ ચેતવણી આપી જણાવવાનું કે,

અમારા અસીલશ્રી વાલજીભાઈ ગોબરભાઈ માંડણકા રહે. હાથીગઢ, તા. લીલીયા, જી. અમરેલીની મોજે ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના જુના સાવર ગામે રે.સ. નં. ૧૪૫ પૈકી ૨ હે.આરે.ચો.મી. ૨-૭૦-૧૩ છે તેમજ રે.સ. નં.૧૪૫ પૈકી ૧ હે.આરે.ચો.મી. ૨-૭૦-૧૩ વાળી જમીન તે ભરતભાઈ રવજીભાઈ ભાલાળા પાસેથી ખરીદ કરવાનું નકકી થયેલ અને અમારા અસીલ વાલજીભાઈએ આ ભરતભાઈને બાના પેટે રૂ. ૩૦,૦૦,૦૦૦/- ચૂકવેલ હતા. ત્યારબાદ અમારા અસીલને માલુમ પડેલ કે, આ જમીન બાબતે ભરતભાઈ રવજીભાઈએ અમારી સાથે છેત્તરપિંડી અને વિશ્વાસઘાત કરેલ છે. જેથી અમારા અસીલે (૧) ભરતભાઈ રવજીભાઈ ભાલાળા તેમજ (૨) જેરામભાઈ સવજીભાઈ પાનસુરીયા સામે મહે. શ્રી લીલીયાના જયુડી. મેજી. સાહેબ સમક્ષ ફોજદારી કેસ નં. ૧૮૬/૨૦૧૩ દાખલ કરેલ હતો અને આ કેસમાં નામ. કોર્ટ દ્વારા આ બંને આરોપીને સજા કરવામાં આવેલ હતી તેમજ અમારા અસીલ દ્વારા મહે. શ્રી સાવરકુંડલાના પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં આ રૂ.૩૦,૦૦,૦૦૦/- વસુલ લેવા આ જમીનના મુળ માલીક (૧) ભરતભાઈ રવજીભાઈ ભાલાળા, (૨) રવજીભાઈ મોહનભાઈ ભાલાળા, (૩) મુક્તાબેન રવજીભાઈ ભાલાળા, (૪) મનસુખભાઈ રવજીભાઈ ભાલાળા, (૫) ગીતાબેન રવજીભાઈ ભાલાળા, (૬) જેરામભાઈ સવજીભાઈ પાનસુરીયા, (૭) અશોકભાઈ ધીરજલાલ સાંગાણી સામે સ્પે. દી.મુ. નં. ૦૩/૨૦૨૨ થી દાવો કરેલ છે અને આ દાવામાં નામ, કોર્ટ દ્વારા મનાઈ હુકમ માંગવામાં આવેલ છે. જે હાલ સુનાવણી ઉપર છે, તો આ વાદગ્રસ્ત જમીન ઉપર છે. હાલ સિવીલ સ્યુટ ચાલુ હોય, તેથી આ જમીન બાબતે કોઈ વેચાણ વ્યવહાર કે, અન્ય વ્યવહાર કરવો નહી.અન્યથા આવા વ્યવહાર નામદાર કોર્ટ ગેરકાયદેસર ઠરાવશે તો તે સંબંધમાં અમારા અસીલની કોઈ જવાબદારી રહેશે નહી. તેની લાગતા-વળગતા વ્યકિતઓએ નોંધ લેવી.

તા. :
સ્થળ: અમરેલી.
વાલજીભાઈ ગોબરભાઈ

સહી
ગિરીશ એમ.દવે
(એડવોકેટ)


# મોટા આગરીયા ગ્રામ પંચાયતે ભરડીયા બંધ કરવા કલેક્ટરને રજૂઆત કરી

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામના સરપંચે જિલ્લા કલેક્ટરને પત્ર લખીને ભાક્ષી ગામે આવેલા ધાતરવડી ડેમ નજીકના ભરડીયા બંધ કરવાની માગણી કરી છે. પત્રમાં જણાવ્યા અનુસાર ભાક્ષી ગામમાં ધાતરવડી-૧ ડેમની નજીકમાં બે ભરડીયા આવેલા છે. આ ભરડીયા ડેમથી માત્ર ૩૦૦ મીટરના અંતરે આવેલા છે, જ્યારે નિયમ મુજબ ૫૦૦ મીટરની અંદર આવી પ્રવૃત્તિઓની મંજૂરી આપી શકાતી નથી. ભરડીયાના કારણે ડેમની આસપાસ ૨૦૦ ફૂટ ઊંડી ખાણો પડી ગઈ છે, જેના કારણે પાણીના તળ ઊંડા ગયા છે. બ્લાસ્ટિંગના કારણે ડેમના પાળા અને આસપાસના ખેડૂતોના બોર-કૂવાને નુકસાન થાય છે. મોટા આગરીયા ગામનો પીવાના પાણીનો કૂવો પણ આ ડેમમાં આવેલો છે, જેને નુકસાન થવાનું જોખમ છે. સરપંચે જણાવ્યું કે સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરે પણ આ ભરડીયા બંધ કરવાનો અભિપ્રાય આપ્યો છે. જો આ બાબતે યોગ્ય પગલાં નહીં લેવાય તો સ્થાનિક લોકો હાઈકોર્ટમાં જવા મજબૂર બનશે તેવી ચેતવણી પણ પત્રમાં આપવામાં આવી છે.

# ગીર સોમનાથ જિલ્લાનાં છ તાલુકામાં ડિજિટલ સ્માર્ટ મીટર ફીટ કરવા સામે વિરોધ ઉઠ્યો

ઉના, તા.૨૬

પીજીવીસીએલ કંપની નવાં ડિજિટલ મીટર ફીટ કરાવી અભણ અજ્ઞાન ગરીબ પછાત વર્ગના શ્રમિક પરિવારની મુશ્કેલીમાં વધારો થાય તેવી કામગીરી કરવા આતુર બની છે પરંતુ આ ડિજિટલ મીટર સામે સમગ્ર રાજ્યમાં મોટાભાગે વિરોધનાં સૂર ઉઠ્યા છે ત્યારે ગીર સોમનાથ જિલ્લાનાં છ તાલુકામાં દરિયા કિનારા પર માછીમાર તેમજ ગરીબ પછાત શ્રમિક પરિવારની મોટી સંખ્યામાં વસ્તી આવેલી છે. આ લોકોની આર્થિક સ્થિતિ નબળી હોય આવા વિસ્તારોમાં પીજીવીસીએલ કંપની દ્વારા સ્માર્ટ મીટર ફીટ કરવા તૈયારી કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ લોકોને વીજ પુરવઠાનાં મીરટનાં રીચાર્જ પૂર્ણ થતા ઘરમાં લાઈટ ન મળે તો સમગ્ર પરિવારજનોને હાલાકી ભોગવવી પડે તેમજ ક્યારે રીચાર્જ પૂર્ણ થાય તે પણ ખબર રાખી શકે નહી? તો આવા મીટરનો મતલબ શું?? તેવો પ્રશ્ન ઊઠાવી આ ડિજિટલ મીટરની કામગીરી તાત્કાલિક ધોરણે અટકાવવા માંગ કરવામાં આવી છે.

# કોડીનારમાં સગીરા પર બળાત્કાર આચરનાર નરાધમને ૨૦ વર્ષની સજા

કોડીનાર, તા.૨૬

કોડીનાર તાલુકાના માલશ્રમ ગામમાં ચાર વર્ષ પહેલાં એક સગીરા પર બળાત્કાર આચરી, વીડિયો ક્લિપ વાયરલ કરવાની ધમકી આપવાના ગુનામાં કોર્ટે મુખ્ય આરોપીઓને ૨૦ વર્ષની સજા ફટકારી છે. ઘટના ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ બની હતી, જ્યારે ૧૪ વર્ષની સગીરા દરજીની દુકાને કપડાં સીવડાવવા ગઈ હતી. મુખ્ય આરોપી હિતેષ કેશુ સોલંકીએ સગીરા પર બળાત્કાર આચર્યો, જ્યારે તેના મિત્ર પ્રકાશ સામત મોરાસીયાએ વીડિયો ક્લિપ બનાવી. આરોપીઓએ સગીરાને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. પોલીસે ઝીણવટભરી તપાસ કરી, આરોપીઓને પકડ્યા અને પોક્સો કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી. સ્પેશિયલ પોક્સો કોર્ટે મુખ્ય આરોપીઓને ૨૦ વર્ષની સજા અને અન્ય બે આરોપીઓને ૩ વર્ષની સજા ફટકારી. આ ચુકાદાથી ગુનાહિત માનસિકતા ધરાવતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે, જ્યારે પીડિતા અને તેના પરિવારને ચાર વર્ષે ન્યાય મળ્યો છે.


-//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //-

## જાહેર નોટીસ

નં. જન્મ નોંધણી/ અરજી નં.૧૬૩/૨૦૨૪

અરજદારશ્રી.......૧ કરશનભાઈ કાળાભાઈ ઝાંઝમેરા
રહે.હાડીડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા........ ૧. તલાટી કમ મંત્રીશ્રી હાડીડા, તા. સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે અરજદારશ્રીની પુત્રી રસિલાબેન કરશનભાઈ ઝાંઝમેરાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૯ ના રોજ મુ.હાડીડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ
મેજિસ્ટ્રેટ સાવરકુંડલા



-//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૮૩/૨૦૨૪

અરજદાર :- શ્રી હઠીસીંગભાઈ ભગવતસીંગભાઈ યાદવ
રહે.તરવડા,તા.જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.તરવડા, તા.જિ.અમરેલી.

## ::જાહેર નોટીસ::

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના તરવડા ગામના હઠીસીંગભાઈ ભગવતસીંગભાઈ યાદવ તેઓના પુત્રી લલીતાબેન હઠીસીંગભાઈ યાદવ જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૯ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૬/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય



## ::જાહેર નોટીસ::

અમરેલીના મહે.શ્રી પ્રિન્સિપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.અમરેલી.

કેવીએટ અરજ નં.૩૧/૨૦૨૪

અરજદારો:-૧. બીનાબેન પ્રકાશભાઈ ધોળકીયા,
ઉ.વ.૫૪, ધર્મે.હિન્દુ,ધંધો.ઘરકામ,
૨. પુનીતાબેન કેતનભાઈ ધોળકીયા,
ઉ.વ.૫૫, ધર્મે.હિન્દુ,ધંધો.ઘરકામ,
રહે.બન્ને-શેરી નં.-૬, માણેકપરા,ડો.ધડુકના દવાખાના સામે,
અમરેલી,તા.જી. અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- -------------------------

અરજ: સિવિલ પ્રોસીજર કોડની કલમ-૧૪૮-એ અન્વએ કેવીએટ અરજ.


(૧) અમો અરજદારો ઉપરોકત સરનામે રહીએ છીએ, અને આ કામના અમો અરજદારની કબજા ભોગવટાવાળી મીલકત અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના મોજે અમરેલી ગામતળમાં માણેકપરા ભગવતી ચોકમાં આવેલ ખુલ્લી જમીન જેના રે.સ.નં.-૭૮/૧, સી સર્વે નંબર ૧૧૫૦,જેના ચો.મી.૧૮૨-૫૪,સી.સર્વે નં-૧૧૫૧ જેના ચો.મી. ૩૯-૨૯, તથા સી.સર્વે નં.૧૧૫૨ જેના ચો.મી. ૩૭-૫૬ જેના કુલ ચો.મી.૨૬૦-૪૯ આવેલ છે. તે મીલકત અમો અરજદારોએ વેચાણ દસ્તાવેજ નં. ૪૯૦૫ થી તા.૧૨/૧૨/૨૦૧૮ ના રોજ ખરીદ કરવામાં આવેલ છે. ઉપરોકત મીલકત અમારી સયુકત માલીકીની મીલકત હોય, અને અમો તેમાં બાંધકામ કરાવતા હોય અને તેની ડેવલોપમેન્ટ પરમીશન ૧૦૧૦ બીપીર૩૨૪૦૪૯૫ થી મળેલ હોય, અને નિયમાનુસાર બાંધકામની કામગીરી શરૂ કરેલ છે. (૨) આમ ઉપરોકત વિગતવાળી મીલકતમાં અમારો પ્રત્યક્ષ કબજો અને ભોગવટો ધરાવતા હોય, અમારી બાંધકામની કાયદેસરની કામગીરીમાં પાડોશીઓ, કોઈ ઈસમ, સંસ્થા મંડળ કે કોઈપણ વ્યકિત તેમના મળતીયાઓ નામદાર કોર્ટમાં ખોટી રજુઆતો કરીને કોઈપણ પ્રકારનો દાવો કરી એક તરફી મનાઈ હુકમ મેળવવા માટે અગરતો કોઈપણ પ્રકારનો એક તરફી હુકમ મેળવવા તજવીજ કરે અગરતો કાર્યવાહી કરે તેવી અમો અરજદારોને વ્યાજબી દહેશત ઉભી થયેલ છે.તેવા પ્રકારના દાવા દુવીમાં આ કામના અમો અરજદારોને સાંભળ્યા વગર કોઈપણ પ્રકારનો એક તરફી હુકમ ફરમાવવા નહી ફરમાવવા માટે આપ નામદાર સાહેબની કોર્ટમાં હાલની કેવીએટ અરજ કરેલ છે. અને આ જાહેર નોટીસથી સૌ કોઈ લાગતા વળગતા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. જેની જાહેર નોંધ લેવી.

સ્થળ: અમરેલી ..................
તા.૨૫/૦૯/૨૦૨૪ ..................

**તમામ લોકોએ ઝેરી દવા પી આપઘાત કર્યો હોવાનું અનુમાન**

# તામિલનાડુમાં કારમાંથી એક જ પરિવારના પાંચ સભ્યોના મૃતદેહ મળતા ખળભળાટ

(એ.આર.એલ),ચેન્નાઈ,તા.૨૬



તમિલનાડુ પોલીસે એક કારમાંથી ૫ લોકોના મૃતદેહો બહાર કાઢ્યા છે. મૃતદેહ પાસે એક સુસાઈડ નોટ પણ મળી આવી હતી, જેમાં લખેલું હતું કે કોઈ ઝેર ખાઈને આત્મહત્યા કરશે. પાંચેય મૃતકો એક જ પરિવારના છે. ગત સાંજે નમનસમુદ્રનમાં સ્થાનિક લોકોએ એક કાર પાર્ક કરેલી જોઈ. આજે સવારે પણ તે કાર તેની જગ્યાએ પાર્ક હતી. જેથી લોકોએ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી નજીકમાં પૂછપરછ કરી અને કાર માલિકને શોધવાનો પ્રયાસ કર્યો, પરંતુ કાર લેવા માટે કોઈ આવ્યું નહીં. જ્યારે પોલીસે ચાવી ધારકને બોલાવીને કાર ખોલી તો અંદર ૫ મૃતદેહો જોઈ તેઓ ચોંકી ઉઠ્યા હતા. પોલીસે મૃતદેહોને પોતાના કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. તેમજ મૃતકના સ્વજનોને બોલાવવામાં આવતા મૃતકના પરિવાર પર લાખોનું દેવું હોવાનું જાણવા મળ્યું હતું.

# છેલ્લાં ૧૦ વર્ષમાં વિપક્ષ તરીકે કોંગ્રેસ હરિયાણામાં નિષ્ફળ રહી છે : પ્રધાનમંત્રી


(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૬



પીએમ મોદીએ ગુરુવારે કહ્યું કે કોંગ્રેસ છેલ્લા ૧૦ વર્ષમાં હરિયાણામાં વિપક્ષ તરીકે નિષ્ફળ રહી છે અને હવે જેમ જેમ વિધાનસભા ચૂંટણીની તારીખ નજીક આવી રહી છે, તેમ તેમ મોટા મોટા દાવા કરનારા તેના 'લાઉડસ્પીકર'નો પ્રવાહ પણ નબળો પડી રહ્યો છે. 'નમો એપ' દ્વારા 'મેરા બૂથ, સબસે મજબૂત' કાર્યક્રમ હેઠળ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના કાર્યકર્તાઓને સંબોધિત કરતા મોદીએ રાજ્યમાં ફરીથી પાર્ટીની સરકાર બનાવવાનો દાવો કર્યો અને કહ્યું કે આવું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે હરિયાણામાં આ પહેલીવાર થઈ રહ્યું છે કે સરકાર સામે ભ્રષ્ટાચારના કોઈ આક્ષેપો થયા નથી અને યુવાનોને 'કોઈપણ કાપલી અને ખર્ચ વિના' રોજગારી મળી છે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસનો સંપૂર્ણ આધાર 'જૂઠાણા' પર આધારિત છે અને તેના નેતાઓ 'બકવાસ વાતો' કરીને વાતાવરણ બગાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું, "આજકાલ તમે જોઈ રહ્યા છો. કોંગ્રેસના લાઉડસ્પીકર જે મોટા મોટા દાવા કરતા હતા તે પણ નબળા પડી ગયા છે. કોંગ્રેસ દિનપ્રતિદિન નબળી પડી રહી છે અને છેલ્લા ૧૦ વર્ષમાં કોંગ્રેસ નેતા કુમારી સેલજાની કથિત નારાજગી અને પક્ષમાં રહેલ કથિત જૂથવાદને જોતા કોંગ્રેસ પણ નિષ્ફળ ગઈ છે. તેમણે દાવો કર્યો કે પહેલા કોંગ્રેસની સ્થિતિ મજબૂત હતી પરંતુ હવે તેનો ગ્રાફ ધીરે ધીરે નીચે જઈ રહ્યો છે.

# ઘણી આજીજી કર્યા બાદ પાકિસ્તાનને આખરે લોન આપતી આઈએમએફ

ઈસ્લામાબાદ,તા.૨૬



વારંવારની વિનંતીઓ બાદ દેવાથી દબાયેલા પાકિસ્તાનને આખરે આઈએમએફ પાસેથી લોન મળી છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના એક્ઝિક્યુટિવ બોર્ડે બુધવારે રોકડની તંગીવાળા પાકિસ્તાન માટે ૭ બિલિયનની નવી લોનને મંજૂરી આપી છે. બંને પક્ષોએ બે મહિનાથી વધુ સમય પહેલા કહ્યું હતું કે તેઓ સમજૂતી પર પહોંચી ગયા છે. અધિકારીઓએ જણાવ્યું કે પાકિસ્તાનને આ લોન ૩૭ મહિનામાં હપ્તામાં મળશે. આ લોનનો હેતુ પાકિસ્તાનની જર્જરિત અર્થવ્યવસ્થાને પાટા પર લાવવામાં મદદ કરવાનો છે. પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે એક નિવેદનમાં એ કરારનું સ્વાગત કર્યું હતું જેના માટે તેમની ટીમ જૂનથી આઈએમએફ સાથે વાટાઘાટો કરી રહી હતી.

# બિહારમાં જીતિયા તહેવારની ખુશી શોકમાં ફેરવાઈ, ૧૪ જિલ્લામાં ડૂબી જવાથી ૪૬ લોકોના મોત થયા

**મોટાભાગના લોકોના મોત નદીમાં સ્નાન કરતી વખતે થયા**

(એ.આર.એલ),પટણા,તા.૨૬



બિહારના અનેક જિલ્લાઓમાં જીતિયા તહેવારની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ છે. જીત્યા વરતા નિમિત્તે નદી અને તળાવમાં ન્હાવા ગયેલા લોકોમાં અત્યાર સુધીમાં ૪૬ લોકોના મોત થયા છે. જેમાં ૩૭ બાળકો, ૭ મહિલાઓ અને ૨ પુરૂષોનો સમાવેશ થાય છે. પૂર્વ ચંપારણ, પશ્ચિમ ચંપારણ, નાલંદા, ઔરંગાબાદ, કૈમુર, બક્સર, સિવાન, રોહતાસ, સારણ, પટના, વૈશાલી, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, ગોપાલગંજ અને અરવલમાં ડૂબવાની ઘટનાઓ બની છે. ઔરંગાબાદમાં ડૂબી જવાથી સૌથી વધુ ૧૦ મોત થયા છે. જિતિયા દરમિયાન સૌથી વધુ મૃત્યુ નદીમાં સ્નાન કરતી વખતે થયા છે. ઔરંગાબાદ બાદ સૌથી વધુ મોત છપરામાં (૦૫) થયા છે. આ સિવાય રોહતાસમાં ૦૪, કૈમુરમાં ૩, સિવાનમાં ૩, મોતિહારીમાં ૩, બેતિયામાં ૨, બેગુસરાઈમાં ૨, ગોપાલગંજ, ભોજપુર, નાલંદા, દરભંગા, મધુબની અને સમસ્તીપુરમાં ૧-૧ લોકોના મોતના સમાચાર છે.

# એલ્વિશ યાદવ સામે ઈડીની મોટી કાર્યવાહી, યુટયૂબરની સંપત્તિ કરી જપ્ત

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૬



ઈડીએ એલ્વિશ યાદવ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરી છે, તેમની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. આ પછી યુટ્યુબર અને 'બિગ બોસ ઓટીટી ૨' વિજેતા એલ્વિશ યાદવ ફરી એકવાર મુશ્કેલીમાં છે. ઈડીએ તેની સામે મોટી કાર્યવાહી કરી છે. ઈડીએ તેમની યુપી અને હરિયાણામાંની મિલકતો જપ્ત કરી છે. તેની સાથે જ ઈડીએ ગાયક ફાઝીલપુરિયા સામે પણ આ કાર્યવાહી કરી છે.

એલ્વિશ યાદવ પર નોઈડા પોલીસે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ અને ઈન્ડિયન પીનલ કોડની અલગ-અલગ કલમો હેઠળ કેસ દાખલ કર્યો છે. એલ્વિશ હંમેશા તેના પરના આરોપોને પાયાવિહોણા અને નકલી ગણાવતા હતા. પોલીસે તેની સામે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળના આરોપો પણ લગાવ્યા હતા. પોલીસે કહ્યું હતું કે તેમની ભૂલને કારણે આવું થયું છે.

નોઈડા પોલીસે એલ્વિશ યાદવની ૧૭ માર્ચે ધરપકડ કરી હતી. તેના પર આરોપ છે કે તેણે આયોજિત પાર્ટીઓમાં નશા માટે સાપના ઝેરનો ઉપયોગ કર્યો હતો.

**કેજરીવાલે વિધાનસભા ગૃહને સંબોધિત કર્યું**

# મોદી ભલે શક્તિશાળી હોય પરંતુ ભગવાન ન બની શકે, અમને બદનામ કરવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યુ છે : કેજરીવાલ

નવીદિલ્હી,તા.૨૬



દિલ્હી વિધાનસભામાં બે દિવસીય સત્ર શરૂ થઈ ગયું છે. ગૃહની શરૂઆત હોબાળા સાથે થઈ હતી. અભય વર્મા, જિતેન્દ્ર મહાજન, વિજેન્દ્ર ગુપ્તા સહિત તમામ વિપક્ષી ધારાસભ્યોને ગૃહમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. વિપક્ષના નેતા અને ભાજપના તમામ ધારાસભ્યો વિધાનસભા અધ્યક્ષની ઓફિસની બહાર હડતાળ પર બેઠા હતા. થોડા સમય બાદ ભાજપના ધારાસભ્યો ગૃહમાં આવ્યા હતા. દિલ્હી વિધાનસભાની કાર્યવાહી દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગૃહને સંબોધિત કર્યું હતું. તેમણે કહ્યું કે વિપક્ષ મને અને સિસોદિયાને જોઈને દુઃખી છે. ભાજપના લોકોએ રાજકારણનું સ્તર નીચે લાવી દીધું છે. મોદી ભલે શક્તિશાળી હોય પરંતુ તેઓ ભગવાન ન બની શકે. અમને બદનામ કરવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. દિલ્હી વિધાનસભાને સંબોધતા કેજરીવાલે કહ્યું કે તેઓએ અમારી ઘણી યોજનાઓ બંધ કરી દીધી છે. દિલ્હીની જનતા પરેશાન થઈ રહી છે. ભાજપ દિલ્હીને થાળે પાડવાનો પ્રયાસ કરી રહી છે. હું જેલમાં ગયો ત્યારે દિલ્હીના તમામ કામ બંધ થઈ ગયા હતા.

# અમેરિકામાં હિન્દુ મંદિરોમાં તોડફોડ બાદ હવે વાંધાજનક સૂત્રો લખાયા

(એ.આર.એલ),વોંશિગ્ટન,તા.૨૬



અમેરિકામાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિરોને નિશાન બનાવવામાં આવી રહ્યાં છે. છેલ્લા કેટલાક દિવસોમાં ઘણા હિંદુ મંદિરો પર હુમલા થયા છે. ન્યૂયોર્કની ઘટનાને ૧૦ દિવસ પણ વીત્યા નથી. હવે કેલિફોર્નિયાના સેક્રામેન્ટોમાં સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ મંદિરને નિશાન બનાવવામાં આવ્યું છે. મંદિરની બહારના બોર્ડ પર હિંદુ વિરોધી ટીપ્પણીઓ લખવામાં આવી છે.

સેક્રામેન્ટો કાઉન્ટીના પોલીસ અધિકારીઓ હેટ ક્રાઈમની તપાસ કરી રહ્યાં છે. બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર રેન્ચો કોર્ડોવા વિસ્તારમાં આર્મસ્ટ્રોંગ એવન્યું પર આવેલું છે. તે સેક્રામેન્ટો માથેર એરપોર્ટની ઉત્તરે સ્થિત છે. મંદિરની બહાર બોર્ડ પર 'હિન્દુ ગો બેક' લખ્યું હતું.

# ચૂંટણી પ્રચાર વચ્ચે નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી દ્વારા વિનેશ ફોગાટને નોટિસ


નવીદિલ્હી,તા.૨૬



ભૂતપૂર્વ ભારતીય મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટ હાલમાં હરિયાણા વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ની તૈયારીમાં વ્યસ્ત છે. વિનેશે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ પછી કુસ્તીમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. નિવૃત્તિ પછી, તેણી કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ અને ચૂંટણી લડવાની તૈયારીઓ શરૂ કરી. આ તૈયારીઓ વચ્ચે નેશનલ એન્ટી ડોપિંગ એજન્સી દ્વારા વિનેશને નોટિસ આપવામાં આવી હતી. તમારા મનમાં એક પ્રશ્ન ઉદ્દભવી રહ્યો હશે કે વિનેશ ફોગાટે કુસ્તી છોડી દીધી છે, તો પછી તેને ડોપ ટેસ્ટ આપવાની જરૂર કેમ પડી? તો અમે તમને જણાવી દઈએ કે એનએડીએના રજિસ્ટર્ડ ટેસ્ટિંગ પૂલમાં નોંધાયેલા તમામ એથ્લેટ્સે ડોપ ટેસ્ટ માટે તેમની હાજરીની વિગતો આપવી જરૂરી છે. વિનેશ પણ આ પૂલનો એક ભાગ છે. જો રમતવીર ડોપિંગ ટેસ્ટ માટે આપેલી વિગતોમાં દર્શાવેલ જગ્યાએ હાજર ન હોય તો તેના ઠેકાણા વિશે માહિતી આપવામાં નિષ્ફળતા ગણવામાં આવે છે.

# રશિયન રાષ્ટ્રપતિની ચેતવણી : પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવામાં પીછેહટ નહીં

મોસ્કો,તા.૨૬



રશિયા પરમાણુ હુમલાના વિકલ્પ પર વિચાર કરી રહ્યું છે. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પશ્ચિમી દેશોને ચેતવણી આપી છે કે તેઓ હવાઈ હુમલાનો બદલો લેવા પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવામાં પીછેહટ કરશે નહીં. બ્રિટન અને અમેરિકા દ્વારા યુક્રેનને રશિયા વિરુદ્ધ ક્રૂઝ મિસાઈલોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાને લઈને મોસ્કોમાં વધી રહેલી ચિંતાઓ વચ્ચે રશિયાની ચેતવણી આવી છે. રાષ્ટ્રપતિ પુતિને આજે પરમાણુ અવરોધ અંગે ચર્ચા કરવા માટે મોસ્કોની ટોચની સુરક્ષા પરિષદ સાથે તાત્કાલિક બેઠક યોજી હતી. આ દરમિયાન રાષ્ટ્રપતિ પુતિને પશ્ચિમી દેશોને ચેતવણી આપી હતી કે રશિયા હવાઈ હુમલાનો બદલો લેવા માટે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરવામાં પીછેહટ કરશે નહીં.

# હિમાચલના સિરમૌર જિલ્લામાં વાદળ ફાટવાથી એકનું મોત, રાષ્ટ્રીય ધોરીમાર્ગ સહિત ૨૬ માર્ગો બંધ

શિમલા,તા.૨૬



હિમાચલ પ્રદેશના સિરમૌર જિલ્લામાં વાદળ ફાટવાથી સર્જાયેલા ભારે વરસાદને કારણે એક વ્યક્તિનું મોત નિપજ્યું હતું, જ્યારે ખરાબ હવામાનને કારણે જિલ્લામાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૨૬ રસ્તાઓ બંધ થઈ ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારે સાંજે રાજ્યના ઘણા ભાગોમાં ભારે વરસાદને કારણે લગભગ ૫૦ રસ્તાઓ બંધ થઈ ગયા હતા, જેનાથી રાજ્યમાં બંધ થયેલા રસ્તાઓની કુલ સંખ્યા ૭૧ થઈ ગઈ હતી. તેમાં નેશનલ હાઈવે -૭૦૭નો પણ સમાવેશ થાય છે. સિરમૌરના ડેપ્યુટી કમિશનર સુમિત ખિમતાએ જણાવ્યું હતું કે પરલોની ગામમાં વાદળ ફાટવાને કારણે એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું, જ્યારે જિલ્લાના પાઓંટા સબડિવિઝનના અંબોયા વિસ્તારમાં 'ઘરત' તૂટી પડવાથી કેટલીક દુકાનો અને અન્ય માળખાગત સુવિધાઓને નુકસાન થયું હતું.

**અદાણીના નામનો ઉપયોગ કરી ભાજપ પર કર્યા આકરા પ્રહારો**

# હરિયાણાને ભાજપે બરબાદ કરી દીધું : રાહુલ ગાંધી

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૨૬



લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ જાહેરસભાને સંબોધન કરતા જણાવ્યું હતું કે તમને જ્યાં પણ મારી જરૂર છે, ભલે તમે તેને સંસદમાં ઉઠાવવા માંગતા હોવ, તે મારી સાથે ગાઢ સંબંધ છે, જૂનો સંબંધ છે. હું ખોટું નથી બોલતો, આ મોદીજીનું કામ છે. હવે હરિયાણાએ સાથે ઊભા રહેવું પડશે, કારણ કે દેવની જેમ રડતા બાળકોના આંસુ લૂછવાના છે. તેમને ખુશ કરવા પડશે. ભારત સરકાર નેવું લોકો ચલાવે છે, જેમાંથી ત્રણ દલિત છે. ૪૫ કેટલા હોવા જોઈએ? તમે બજેટ કેટલું મેનેજ કરો છો? આ ભારતનું સત્ય છે. મેં કહ્યું છે કે મેં મોદીજીને કહ્યું છે કે હું તેને પાસ કરાવીશ. તેઓ વિભાજનનું કામ કરે છે, મીડિયાના લોકો ૨૪ કલાક વ્યસ્ત રહે છે, એક જાતિને બીજી જ્ઞાતિ સાથે લડાવે છે. અદાણી બચાવો. હરિયાણામાં કોંગ્રેસ સ્વીપ પાર્ટી કરવા જઈ રહી છે. આ સરકાર જે બનવા જઈ રહી છે તે સમગ્ર હરિયાણાની સરકાર હશે. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે ફક્ત એટલું જ કહી રહ્યા છીએ કે આ દેશમાં કેટલા આદિવાસી, કેટલા દલિત, કેટલા પછાત લોકો છે. ક્યારેક RSS કહે છે કે આવું થવું જોઈએ. સત્ય એ છે કે નેવું ટકા લોકો પાસે કશું જ નથી. માત્ર ૨૫૦ લોકો પાસે પૈસા છે. કોર્પોરેટ ઈન્ડિયામાં ભારતમાંથી એક પણ વ્યક્તિ નથી. પસંદગીના લોકો છે, અદાણીનો બિઝનેસ છે, હજારો બિઝનેસ તેની સાથે જોડાયેલા છે. તે એક પારિવારિક વ્યવસાય છે. રાહુલ ગાંધીએ કહ્યું કે આ લડાઈ હરિયાણાની નથી. ભારતને બચાવવા માટે. બંધારણને બચાવવા માટે. આ ભાજપના લોકો શું કરી રહ્યા છે, તેઓ ભાજપના બંધારણને ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તમામ સંસ્થાઓ આરએસએસને સોંપવામાં આવી છે, સંપૂર્ણ નિયંત્રણ નાગપુરનું છે. ભારતના ૯૦ ટકા લોકો માટે તેમાં કોઈ સ્થાન નથી. તમે યાદી બહાર કાઢો. તેમાં તમને ન તો ઓબીસી મળશે, ન દલિત, ન આદિવાસી. તેઓ દેશને પોકળ કરી રહ્યા છે. ચૂંટણી પંચમાં આપણા લોકો. મીડિયામાં આપણા લોકો. બાકીના ભારત માટે કંઈ નથી. તેથી જ અમે જાતિ ગણતરીની વાત કરી. રાહુલ ગાંધીએ કહ્યું કે અમે માત્ર એટલું જ કહી રહ્યા છીએ કે આ દેશમાં કેટલા આદિવાસી, કેટલા દલિત, કેટલા પછાત લોકો છે. ક્યારેક RSS કહે છે કે આવું થવું જોઈએ. સત્ય એ છે કે નેવું ટકા લોકો પાસે કશું જ નથી. માત્ર ૨૫૦ લોકો પાસે પૈસા છે. કોર્પોરેટ ઈન્ડિયામાં ભારતમાંથી એક પણ વ્યક્તિ નથી. પસંદગીના લોકો છે, અદાણીનો બિઝનેસ છે, હજારો બિઝનેસ તેની સાથે જોડાયેલા છે. તે એક પારિવારિક વ્યવસાય છે.

# ભારતમાં જરૂરી મનોરંજન સામગ્રી બનાવવામાં આવી રહી નથી : નેટફ્લિક્સ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૬



નેટફ્લિક્સેના કન્ટેન્ટ હેડ મોનિકા શેરગીલ ભારતમાં તેની વૃદ્ધિ અને સર્જનાત્મક માંગ વિશે વાત કરે છે. તેમણે કહ્યું કે નેટફ્લિક્સે ભારતમાં તેની હાજરી સ્થાપિત કરી છે, પરંતુ આ એક ચેતવણી છે કે અમે માંગ પ્રમાણે માંગ પૂરી કરવામાં સક્ષમ નથી. મોનિકા શેરગીલે ઓટીટી પ્લેટફોર્મને લઈને વાતચીતમાં ઘણા વધુ ખુલાસા કર્યા છે. નેટફ્લિક્સ ખાતે કન્ટેન્ટના વડા મોનિકા શેરગીલે એપીઓએસ કોન્ફરન્સ બાલી ખાતે જણાવ્યું હતું કે ભારત આ વર્ષના બીજા ક્વાર્ટરમાં સ્ટ્રીમર્સ માટે પેઈડ નેટ જાહેરાતો માટે બીજો સૌથી મોટો પ્રદેશ બની ગયો છે, પરંતુ આપણે હજુ પણ સર્જનાત્મકની વધતી જતી માંગ અને ઈચ્છાને સંતોષવી પડશે. ક્ષેત્રે પણ સંઘર્ષ કરવો પડે છે. શેરગીલે કહ્યું કે ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શર્મા શોથી લઈને નેટફ્લિક્સ પરની તમામ હાઈ બજેટ ડ્રામા સીરિઝ સુધી, આપણે તેમાં શું નવું લાવી રહ્યા છીએ તે વિશે વિચારવું પડશે.

# અમરેલી જિલ્લામાં મેઘરાજાની સટાસટી, લીલીયામાં ૩ા, બગસરામાં બે ઈંચ વરસાદ

**રાજ્યમાં ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી**



તસવીર : ગોપાલ રાઠોડ



તસવીર : હાર્દિક બામટા

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લામાં ગત મોડી રાત્રીએ ગાજ-વીજ સાથે વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. જેમાં બગસરા, લીલીયા, અમરેલી પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત અન્ય તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો હતો. અમરેલી જિલ્લામાં સતત ત્રીજા દિવસે પણ વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું અને વહેલી સવારે જોરદાર વરસાદી ઝાપટાં વરસ્યા હતા, જેના કારણે રોડ પર પાણી ફરી વળ્યા હતા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી જેથી ભાદરવાની ગરમીમાંથી રાહત મળી હતી. જિલ્લામાં સૌથી વધુ લીલીયામાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો. અમરેલી જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે. બપોર બાદ અમરેલી, બાબરા, લાઠી સહિતના તાલુકાઓમાં જોરદાર વરસાદ પડ્યો હતો. વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાયા હતા તો રસ્તાઓ પર નદીઓ વહી હતી. જિલ્લામાં વરસાદને કારણે મગફળીને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. જેના કારણે ખેડૂતોના ચહેરા પર ચિંતાના વાદળો જોવા મળી રહ્યાં છે. હવામાન વિભાગ દ્વારા અમરેલી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જિલ્લામાં સૌથી વધુ લીલીયામાં સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો. જયારે કુંકાવાવ-વડીયામાં ૧૫ મીમી, બાબરામાં ૨ મીમી, અમરેલીમાં દોઢ ઈંચ, બગસરામાં ૪૧ મીમી, ધારીમાં ૭ મીમી, સા. કુંડલામાં ૧૯ મીમી, ખાંભામાં ૨૦ મીમી, જાફરાબાદમાં ૩૩ મીમી અને રાજુલામાં ૨૩ મીમી વરસાદ નોધાયો હતો. ભારે વરસાદના કારણે અમરેલી શહેરમાં વીજળી ગુલ થઈ જતા અંધારપટ છવાયો હતો. મધ્ય મહારાષ્ટ્ર ઉપર એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે. જેને કારણે આજે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. જ્યારે સૌરાષ્ટ્રમાં પણ કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા છે. આ સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને પગલે આજે વલસાડમાં રેડ એલર્ટ તો સુરત, નવસારી, તાપી, ડાંગ જેવા જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે જ સૌરાષ્ટ્રના અમરેલીમાં પણ ભારે વરસાદની આગાહીને પગલે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## સુરતમાં મકાનમાં આગ લાગતા પાંચ લોકો દાઝયા, એકનું મોત

સુરત,તા.૨૬



સુરતના સીમાડા ખાતે આવેલા વાલમનગરમાં એક મકાનમાં ત્રીજા માળે પતરાના રૂમમાં સાડીના પટ્ટા પર ડાયમંડ લગાવવાનું કામકાજ ચાલી રહ્યું હતું. આ દરમિયાન ગમને મિક્સિંગ કરવા માટે કેમિકલ નાખતા સમયે અચાનક આગ લાગી ગઈ હતી. જેને પગલે અંદર કામ કરી રહેલા ૮થી વધુ કારીગરોને અસર થઈ હતી, જેમાંથી ૫ જેટલા લોકો દાઝી જતાં સ્મિમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યારે એકનું સળગી જવાથી મોત થતાં તેની ડેડબોડી પોસ્ટમોર્ટમ અર્થે લાવવામાં આવી હતી. આ સાથે જ બારીમાંથી બાજુના મકાન પર કૂદી જનાર મહિલા સહિત બેને સારવાર અર્થે સ્મિમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં.

## સુરત અઠવાલાઈન્સનો પીએસઆઈ રૂા.૧ લાખ લેતા ઝડપાયો

સુરત,તા.૨૬

સુરતના અઠવાલાઈન્સ પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર લલિત પુરોહિતને બનાસકાંઠા એસીબી દ્વારા એક લાખ રૂપિયાની લાંચ લેતાં રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો હતો. કાપડના વેપારી વિરુદ્ધ અઠવા પોલીસ મથકમાં છેતરપિંડીની અરજી થઈ હતી. કેસ ન કરવા બાબતે PSIએ કાપડના વેપારી પાસેથી ૩ લાખ રૂપિયાની માગણી કરી હતી. ફરિયાદીએ લાંચની રકમ વધારે હોવાનું જણાવતાં રકઝકને અંતે એક લાખ રૂપિયાની રકમ નક્કી થઈ હતી.

## રાજકોટ એલસીબી ટીમને નડ્યો ગમખ્વાર અકસ્માત; પોલીસ કર્મીનું મોત

(એ.આર.એલ),સુરત,તા.૨૬

સુરત-ભરૂચ નેશનલ હાઈવે નંબર ૪૮ પર રાજકોટ એલસીબીને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો. આરોપીને લઈ રાજકોટ પરત ફરતાં રાજકોટ એલસીબીની હ્યુન્ડાઈ ક્રેટા કારને અકસ્માત નડ્યો હતો. આ ઘટનામાં એક પોલીસ કર્મીનું કરૂણ મોત નિપજ્યું છે. આરોપી સહિત અન્ય ૩ પોલીસ જવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા છે. રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમને નડેલા અકસ્માતમાં ગ્રામ્ય એલસીબીના હેડ કોન્સ્ટેબલ ગોંડલના વતની દિગ્વિજયસિંહ રાઠોડનું મોત થયું છે.

## વડોદરામાં વાવાઝોડા સાથે વરસાદ, ૪ના મોત

વડોદરા,તા.૨૬



વડોદરામાં બુધવારે મોડી સાંજે ૬ વાગ્યે વાવાઝોડા અને વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ પડ્યો હતો. અનેક સ્થળોએ વસ્તુઓ હવામાં ઊડતી જોવા મળી હતી. એક રેસ્ટોરન્ટ પાસે આખેઆખી કેબિન ઊડીને દૂર ફેંકાઈ ગઈ હતી. આ ઘટના CCTVમાં કેદ થઈ ગઈ હતી. સાંજે ૨૦ મિનિટ પવનની ઝડપ ૧૧૦ કિમીએ જતાં ૩૦૦થી વધુ વૃક્ષ ધરાશાયી થયાં છે. જ્યુબિલી બાગ સહિત ૩ સ્થળે વીજ થાંભલા પડ્યા હતા. જ્યારે વાવાઝોડાને કારણે ચાર લોકોનાં મોત થયાં છે. સાંજે ૬થી રાતના ૮ સુધીમાં ૩ ઈંચ વરસાદ પડતાં ચાર દરવાજા સહિત ૨૦થી વધુ વિસ્તારમાં પાણી ભરાયાં હતાં.






## પાકિસ્તાની આલિયાને મળવા કાશ્મીરથી કચ્છની બોર્ડર ક્રોસ કરવા આવેલો યુવક ઝડપાયો

(એ.આર.એલ),ભુજ,તા.૨૬

પાકિસ્તાની પ્રેમિકાને પામવા માટે સામે પાર જવા માટે કચ્છની બોર્ડર ક્રોસ કરવા માટે આવેલા એક કાશ્મીરી યુવકને કચ્છની પોલીસે દબોચી લીધો હતો. ઈન્સ્ટાગ્રામમાં પાકિસ્તાની ખુબસૂરત મહિલા ડોક્ટરના એક તરફી પ્રેમમાં પાગલ બની ગયેલો કાશ્મીરનો ઈમ્તિયાઝ દિલ્હી થઈને ખાવડા વાયા વડોદરા – ભુજ થઈને આવ્યો હતો. ૨૪મી સપ્ટેમ્બર, મંગળવારે પોલીસે તેને ઝડપી લીધો હતો.